AL-BALAG MONTHLY

જામિઅહ ઉલૂમુલ કુર્આન,
જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

ફેબ્રુઆરી - ૨૦૨૦


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

માણસની ગણતરીમાં દુખોનો હિસાબ ગુણાકારથી કરવામાં આવે છે, એટલે કે દુખ જેટલું હોય એનાથી વધારે જતાવવા અને મહસૂસ કરવામાં આવે છે. અને ખુશીઓ – નેઅમતોને તો ગણવામાં જ નથી આવતી. એટલે કે માણસ પોતાને પ્રાપ્ત સુખો અને રાહત વિશે એટલો ગાફેલ હોય છે કે એ સુખોનો એહસાસ અને આનંદ પણ અનુભવી નથી શકતો.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| મુસીબતથી નાસીપાસ ન થાઓ | ૫ |
| મઆરિફુલ હદીસ – ૧૪૦ | ૧૦ |
| ઈસ્લામી ફરજોમાં કોતાહી | ૧૪ |
| વાલિદૈનના હકો | ૧૮ |
| પ્રજાસત્તાક પર્વની ઉજવણી | ૨૩ |
| ભારતનું બંધારણ અને મુસલમાનો | ૨૬ |
| તલવાર અને દૂધ | ૨૮ |
| ફતાવા વિભાગ | ૨૯ |
| બોધકથા | ૩૧ |
| Muslims and India's Freedom Struggle | ૩૨ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફ્તી અહમદ દેવલ્વી**

ફેબ્રુઆરી – ૨૦૨૦ ઈ.

જમાદિલ આખર – ૧૪૪૧ હિ.

વર્ષ – ૧૯, અંક – ૧૨

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## હઝરત મવલાના બુરહાનુદ્દીન સંભલી સાહેબ રહ.ની વફાત

પાછલા દિવસોમાં તા. ૧૭ જાન્યુઆરી. ૨૦૨૦/૨૧ જમાદિલ અવ્વલ ૧૪૪૧ હિ. જુમ્અહના દિવસે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

આપ રહ. તફસીરે કુરઆન અને ફિકહના વિદ્વાન હતા. નદવતુલ ઉલમા લખનઉમાં તફસીર વિભાગના સદર હતા. દેશના અમુક મોટા કાબેલ મુફતીઓમાં આપ રહ.ની ગણના થતી હતી. ૪ ઝિલહજ ૧૯૩૮ના રોજ સંભલ (યુ.પી.) મુકામે આપ રહ.નો જન્મ થયો હતો. આપ રહ.ના વાલિદ મવલાના કારી હકીમ મુહમ્મદ રહ. પણ મોટા આલિમ હતા. દારૂલ ઉલૂમ દેવબંદના ફાઝિલ અને અલ્લામહ અનવર શાહ રહ.ના શાગિર્દ હતા. પાછલી ચાર – પાંચ પેઢીઓ આપ રહ.ના ખાનદાનની આલિમ હતી. પારંભિક અરબી – ફારસીની તાલીમ વાલિદ સાહેબ પાસે મેળવી, પછી સંભલના મદરસાઓમાં મેળવી અને ૧૯૫૬ માં દારૂલ ઉલૂમ દેવબંદમાં દાખલ થયા. ૧૯૫૭–૫૮માં ફારિગ થયા. મવલાના હુસૈન અહમદ મદની રહ. અલ્લામહ બલ્યાવી રહ., હઝ. મવ. ફખ્રુદ્દીન રહ.વગેરે અકાબિર પાસેથી તાલીમ – તરબિયત મેળવવાનું સદભાગ્ય આપ રહ.ને પ્રાપ્ત હતું.

દેવબંદથી ફારિગ થયા પછી દિલ્હીના મદરસા આલિયા ફતેહપૂરીમાં ઉસ્તાદ તરીકે ખિદમત શરૂ ફરમાવી. અને ૧૨ વરસ સુધી હિદાયા સુધીની કિતાબોની તાલીમ આપી. પછી લગભગ ૧૯૭૦–૧૩૯૦માં હઝરત મવલાના અલી મીયાં રહ.ના આમંત્રણ ઉપર નવદતુલ ઉલમા લખનઉમાં આવી ગયા

નદવતુલ ઉલમામાં ૪૫ વરસથી વધારે કુરઆન, હદીસ, ફિકહ વગેરે ઈસ્લામી વિદ્યાઓની તાલીમ આપી. નવદતુલ ઉલમામાં ઘણા પહેલાં મજલિસે તકહીકાતે શરઈય્યહની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં દેશના નામાંકિત મુફતીઓને ભેગા કરીને આધુનિક ઝમાનામાં સામે આવતા પ્રશ્નોના શરઈ હુકમ વિશે ચર્ચા અને નિર્ણય કરવામાં આવતો હતો. જીવનના છેલ્લા દિવસો સુધી આપ રહ.એ પોતાને ઈલ્મી – ફિકહી કામોમાં મશ્ગૂલ રાખ્યા. દેશ – વિદેશમાં અનેક સેમીનારો અને કોન્ફરન્સોમાં આપ રહ.એ ભાગ લીધો. જામિઅહ જંબુસરમાં પણ ફિકહ એકેડમી અને મબાહિસે ફિકહિય્યહના સેમીનારોમાં ભાગ લેવા હેતુ પધાર્યા હતા. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ફિકહ એકેડમીના સ્થાપક સભ્ય ઉપરાંત અને નવદહ તેમજ દારૂલ ઉલૂમ દેવબંદની તાલીમ કમીટીના સભ્ય પણ હતા. ૨૦૦૮માં ભાષાકીય સેવાઓ (અરબી)ની કદર સ્વરૂપે આપ રહ.ને રાષ્ટ્રપતિ એવોર્ડ આપવામાં આવ્યો હતો. અલ્લાહ તઆલા આપ રહ.ની સેવાઓને કબૂલ ફરમાવે, સદકએ જારિયહ બનાવે, અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

● મુળ સારોદના વતની અને દુબઈ ખાતે સ્થાયી જનાબ અબ્દુલ્લાહ મીયાં સાહેબના વાલિદહ મોહતરમહ પાછલા દિવસોમાં સારોદ ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્ના લિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે અને સગાંઓને સબ્રથી નવાઝે.

## તંત્રી સ્થાનેથી ..

કોઈ પણ કાર્ય એના ધ્યેય અને આશયથી દૂર થઈ જાય તો એ નિરર્થક ગણાય, એ સ્પષ્ટ છે. સિદ્ધિ, સફળતા, સત્તા, બધું જ એના ધ્યેય અને મકસદને આધીન હોય છે.

હમણા જ ૨૬ જાન્યુઆરીનો દિવસ ગયો. આઝાદી પછી ૧૯૫૦માં આ દિવસે ભારતનું નવું સર્વગ્રાહી અને બિનસાંપ્રદાયિક બંધારણ આપણને મળ્યું હતું. દરેકને એનો ધર્મ પાળવાની આઝાદી હોવા છતાં બંધારણને અને શાસનને ધર્મથી સ્વતંત્ર રાખવામાં આવ્યું હતું, જેથી સરકાર કોઈ એક ધર્મ, સંપ્રદાય, કે જાતિ તરફ ઝુકીને અન્યોને અન્યાય ન કરી બેસે. આ જ બંધારણનો ધ્યેય અને આશય હતો. આ એક સાવચેતી ભર્યું, દુરગામી અને હેતુલક્ષી કામ હતું અને બંધારણના ઘડવૈયાઓના દિમાગમાં એવું લાગે છે કે ભવિષ્યના વિશ્વનો સ્પષ્ટ ચિતાર પણ હતો. અલબત્ત અફસોસ સાથે કહેવું પડે છે કે ભારતનો જે લોકો શાસનને ધર્મથી સ્વતંત્ર રાખવાની વિચારધારામાં માનતા ન હતા, એમાંથી એક તો અલગ પ્રદેશ માંગીને દૂર થયો તો બીજો એક વર્ગ જેને પણ આ બંધારણ સ્વીકાર્ય ન હતું, એણે સ્પષ્ટ રીતે વિરોધ કરવાના બદલે ચુપકીદી રાખી અને પછી વિવિધ પક્ષોના નામે એણે રાજકરણ શરૂ કર્યું, અનેક વિવાદિત મુદ્દાઓ અજમાવ્યા પછી ધાર્મિક ધ્રુવીકરણનો એક મુદ્દો (બાબરી મસ્જિદ)નો એવો મળી ગયો જેના સહારે દેશનું વાતાવણર ડહોળીને પણ અંતે બંધારણ પ્રત્યે પુર્ણ વિશ્વાસ ન ધરાવતા લોકો આજે સત્તા ઉપર પહોંચી ગયા.

વરસો સુધી ભારતના જ લોકોમાં ધાર્મિક રીતે નફરતનો માહોલ ઉભો કરવામાં તેઓ નાકામ રહયા તો હવે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફગાનિસ્તાનનું નામ લઈને આપણા દેશમાં નફરતનું

વાતાવરણ ઉભું કરવામાં આવી રહયું છે. આ ખેલ પાછળ સત્તાની લાલસા ઉપરાંત વરસોથી સંઘળેલી નફરત પણ કામ કરી રહી છે. અમુક લોકોએ પોતાની રીતે જ એમ માની લીધું છે દેશ અમારો છે અને અહિંયા રહેતા બીજા લોકો ઉપર અમે ઉપકાર કરી રહયા છીએ. આ લોકોએ એમ પણ માની લીધું છે કે અમે જ દેશ છીએ અને અમારો કે અમારી વિચારસરણીનો વિરોધ કરવો એ દેશનો વિરોધ છે. કાનૂની રીતે કહીએ તો રાજદ્રોહ અને રાષ્ટ્રદ્રોહનો ફરક સમજવા જેટલી સામાન્ય બુદ્ધિ પણ એમના અંદર નથી, કાં જાણી જોઈને બન્નેમાં ભેળસેળ કરવામાં આવે છે.

એમ તો લોકશાહીની કલ્પના વિરોધપક્ષ વગર શકય જ નથી. અને લોકશાહી સ્વભાવ ધરાવતો માણસ વિશાળ દષ્ટિ ધરાવતો હોય છતાં વિરોધપક્ષવાળી માનસિકતાથી ખાલી નથી હોય શકતો, એટલે શાસનમાં જરૂર એ કોઈને પોતાનો વિરોધી માનીને જ ચાલે. પરંતુ આ સ્વભાવ જયારે પોતાના જ લોકોને વિરોધી માનવા માંડે, અને પક્ષાપક્ષીના વિરોધથી આગળ વધીને શત્રુતાની માનસિકતામાં પરિવર્તિત થઈ જાય તો સમાજમાં નફરતનો જન્મ થાય છે. ઉદારતા મરી પરવારે છે. પછી એને વિરોધપક્ષમાં અને વિરોધીઓમાં શત્રુ દેખાય છે. આવી જ સ્થિતિ કંઈ આજે દેશમાં પ્રવર્તી રહી છે.

ભારતીય નાગરિકોની અને વિશેષ કરીને ભારતીય મુસ્લિમોની જવાબદારી બને છે કે દેશના બિનસાંપ્રદાયિક બંધારણ અને માળખાને જાળવવા માટેના પૂરતા પ્રયત્નો કરે. આ એક છેલ્લી સીમા અને મજબૂત અવરોધ છે. આ બંધ તૂટશે તો દેશની સામાજિક શકિત પણ તૂટી જશે, અને એનું નુકસાન કોઈ એક ધર્મ કે સંપ્રદાય પુરતું સિમિત નહીં રહે, બલકે એક વિકરાળ સામાજિક સમસ્યા બનીને દેશ અને દેશના બધા જ સમાજો, ધર્મો અને સંપ્રદાયોને નુકસાન કરશે.

# મુસીબત - હારથી નાસીપાસ ન થાઓ અને ઇસ્લામ માટે હળપળે નિખાલસ અને તત્પર રહો.

— મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

قَدْ خَلَتْ مِنْ قَبْلِكُمْ سُنَنٌ ۙ فَسِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا
كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ﴿۱۳۷﴾ هٰذَا بَيَانٌ لِّلنَّاسِ
وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ﴿۱۳۸﴾ وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ
الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ﴿۱۳۹﴾ اِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ
مَسَّ الْقَوْمَ قَرْحٌ مِّثْلُهٗ ؕ وَتِلْكَ الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ
النَّاسِ ۚ وَلِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَتَّخِذَ مِنْكُمْ
شُهَدَآءَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ﴿۱۴۰﴾ وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ
اٰمَنُوْا وَيَمْحَقَ الْكٰفِرِيْنَ﴿۱۴۱﴾ اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ
وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ﴿۱۴۲﴾
وَلَقَدْ كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۠ فَقَدْ
رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ﴿۱۴۳﴾ وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ
خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَا۟ئِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ
عَلٰٓى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ
شَيْـًٔا ؕ وَسَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ﴿۱۴۴﴾ وَمَا كَانَ لِنَفْسٍ اَنْ
تَمُوْتَ اِلَّا بِاِذْنِ اللّٰهِ كِتٰبًا مُّؤَجَّلًا ؕ وَمَنْ يُّرِدْ ثَوَابَ
الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا ۚ وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا ۚ
وَسَنَجْزِى الشّٰكِرِيْنَ﴿۱۴۵﴾

**તરજમહ :** તમારા પૂર્વે નમૂનારૂપ બનાવો ઘટી ચૂક્યા છે, માટે તમે ધરતી ઉપર ફરીને જુઓ કે જૂઠાડનારાઓનું પરિણામ કેવું રહયું છે. ? (૧૩૭) આ કુરઆન લોકો માટે સ્પષ્ટ વાત છે તેમજ ખુદાથી ડરનારાઓ માટે હિદાયત અને નસીહત છે. અને આ તમે હિમ્મત ન હારશો, તેમજ દિલગીર પણ ન થાશો, અને જો તમે (મજબૂત) ઈમાનવાળા છો તો તમે જ ચઢિયાતા રહેશો. (૧૩૯) જો તમને કોઈ એક ઝખમ લાગ્યો છે તો પેલી કોમને પણ એવો જ ઝખમ (પહેલાં) લાગી ચૂક્યો છે. અને આ (હાર – જીતના) દિવસોને લોકો વચ્ચે અમે ઉલટ ફેર કરીએ છીએ અને તે એટલા માટે કે અલ્લાહ ઈમાન લાવ્યા હોય એવા લોકોને જાણી–તપાસી લે અને તમારામાં અમુક લોકોને શહીદ બનાવે. અને અલ્લાહ તઆલા ઝાલિમોને પસંદ નથી કરતા. (૧૪૦)

અને એટલા પણ કે અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને પાક – સાફ કરે અને કાફિરોને નષ્ટ કરે. (૧૪૧) શું તમે એમ સમજો છો કે (સરળતાથી) જન્નતમાં પહોંચી જશો ? હજુ તો અલ્લાહ તઆલાએ તમારામાંથી જે લોકો લડનારા છે એમને જોયા (અજમાવ્યા) નથી, તેમજ અડગ રહેનારાઓને પણ નથી જોયા (અજમાવ્યા)(૧૪૨) અને તમે એ મોતની સામે જતાં પહેલાં પોતે મોત (શહાદત)ની તમન્ના કરતા હતા, તો હવે તમે એ મોતને ખુલી આંખોએ જોઈ લીધી. (૧૪૩) અને મુહમ્મદ (સલ.) એક રસૂલ જ છે, એમના પહેલાં પણ ઘણા રસૂલો આવી ગયા છે, ભલા જો તેઓ મૃત્યુ પામે અથવા કતલ (શહીદ) કરી દેવામાં આવે તો શું તમે અવળા પગે પાછા ફરી જશો ? અને કોઈ પાછા પગે ફરશે તો તે અલ્લાહનું કંઈ નુકસાન નહિ કરે, અને અલ્લાહ તઆલા ઘણા જલદી શુક્ર કરનારાઓને બદલો આપશે. (૧૪૪) અને કોઈ માણસ માટે શકય નથી કે અલ્લાહના હુકમ સિવાય એ મરી શકે, જેનો એક ચોક્કસ વખત લખેલો હોય છે. અને જે માણસ દુનિયાનો બદલો ઈચ્છતો હોય અમે એનો હિસ્સો આપી દઈશું, અને જે કોઈ આખિરતનો બદલો માંગશે, તેને અમે આખિરતનો સવાબ આપીશું. અને શુક્રગુઝાર લોકોને અમે વહેલી તકે બદલો (અજ્ર) આપીશું. (૧૪૫)

અગાઉથી બદર અને ઉહદની લડાઈનું વર્ણન ચાલી રહયું હતું. વચ્ચે વ્યાજની અને અમુક બાબતોનું વર્ણન કરવામાં આવ્યું. હવે ફરી ઉહદની લડાઈની અમુક બાબતોનો ઉલ્લેખ કરીને મુસલમાનોને શિખામણ, ટકોર, માર્ગદર્શન આપવામાં આવે છે.

પ્રથમ કહેવામાં આવ્યું કે, સત્ય – અસત્ય, કુફ્ર – ઈમાન વચ્ચે લડાઈની પરંપરા પહેલેથી ચાલતી આવી છે. પહેલાં પણ ઘણી કોમોએ ખુદા અને રસૂલનો ઈન્કાર કરીને જુલ્મ અને અસત્યનો માર્ગ અપનાવ્યો હતો, પણ અંતે એ બધા નષ્ટ થઈ ગયા. તમે ચાહો તો ધરતી ઉપર એમની બરબાદીના ચિન્હો સ્વરૂપ ખંડેરો જોઈ શકો છો. માટે કુરઆનની આ સ્પષ્ટ વાતોને સમજીને અપનાવી લેવી જોઈએ. ખોટા લોકોએ ઈનકાર – વિરોધ કરીને નવો બરબાદીનો નવો અનુભવ કરવાના બદલે પાછલા લોકોની બરબાદીથી બોધપાઠ લેવો જોઈએ. અને મુસલમાનોએ એ બધાથી માયૂસ ન થવાનો સબક શીખવાનો છે. આયત નં : ૧૩૮માં કુરઆન વિશે કહેવામાં આવ્યું કે ખુદાથી ડરનારાઓ માટે હિદાયત છે, એટલે કે કુરઆનનો સંદેશ તો બધા જ લોકો માટે છે, પણ એનો

સાચો ફાયદો એવા લોકોને જ થશે જેમનાં અંદર સર્જનહાર પ્રતિ ડર અને આજ્ઞાની ભાવના હશે અને એની અસરથી તેઓ ઈબાદત – શ્રદ્ધાના સાચા રસ્તાની શોધમાં હશે.

પછી આયત નં : ૧૩૯ માં ઉદહની લડાઈના પરિણામ સંબંધી નસીહત છે, મવ. શબ્બીર ઉસ્માન રહ. એની તફસીર કરતાં ફરમાવે છે :

આ આયત ઉહદની લડાઈ વેળા નાઝિલ થઈ હતી. ઉહુદની લડાઈમાં જ્યારે મુજાહિદો જખ્મી થઇ ચૂર બની ગયા હતા અને તેના મોટા મોટા શૂરવીરોની લાશો આંખો આગળ જોઈ દિલ તૂટવાથી નિરાશા છવાઇ ગઇ હતી ત્યારે દિલાસો અને આશ્વાસન આપવા અલ્લાહ તઆલા તરફથી કહેવામાં આવ્યું : સખતીઓથી ગભરાઈ તથા ગમગીન બની ઉદાસ થઇ બેસી રહેવું મુઅમિનનું કામ નથી. યાદ રાખો, અગર તમે રસૂલ (સલ.)ના તાબેદાર બની ઈમાન અને વિશ્વાસના માર્ગ પર કાયમ રહ્યા તો છેવટે તમારી જ જીત છે. સત્યના સમર્થનમાં પ્રાણ આપી રહયા છો, એ જ તમારી ફતેહની દલીલ છે. આ ખુદાઈ અવાજે તૂટેલાં દિલોને જોડી દીધાં અને મુરઝાયેલા શરીરોમાં નવું જીવન આવ્યું. અંતે પરિણામ એ આવ્યું કે જાહેરમાં વિજય પામેલા કાફિરો મુજાહિદોના જવાબી હુમલાને રોકી નહિ શકવાથી પરાજિત થઈ પાછા પગે નાસી છૂટયા.

આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે કે આજે તમને લડાઈમાં નુકસાન થયું છે તો શું શયું ? એનો મતલબ એવો હરગિઝ નથી કે શત્રુઓ જીતી ગયા, અગાઉ બદરની લડાઈમાં એમને પણ મોટું નુકસાન થઈ ચુકયું છે. આ નુકસાનથી તમારે વધારે માયૂસ થવાની કે એમણે ખુશ થવાની જરૂરત નથી. આ તો બરાબરી જ થઈ છે ! અને અમારી આદત છે કે મુસીબત – રાહત, ચડતી – પડતી અને હાર – જીતના પાસાંઓ બદલતા રહીએ છીએ. આગલી લડાઈમાં તમે એમના ઉપર ભારે પડયા હતા, આ વેળા તેઓ તમારા ઉપર ભારે પડયા, હા, અંતે મોમિનો કામ્યાબ રહેશે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ આ લડાઈમાં તમને જે નુકસાન થયું એનો એક મકસદ આ પણ હતો કે તમારા માંહે સાચા – પાકા ઈમાન વાળા કોણ છે અને કેટલું દઢ ઈમાન ધરાવે છે એ લોકો સામે આવી જાય અને અમુકને અલ્લાહ તઆલા શહાદત ઉચ્ચ મરતબાથી નવાઝવા ચાહતા હતા. બાકી અલ્લાહ તઆલા ઝાલિમો – કાફિરોને હરગિઝ પસંદ નથી કરતા, એટલે એમ ન સમજવામાં આવે કે લડાઈમાં તેઓ ફાવી ગયા એટલે તેઓ જ સાચા

અને અલ્લાહને પ્યારા છે. એક મકસદ આ પણ છે કે નુકસાન પહોંચાડીને ઈમાન વાળાઓને એમના અમુક ગુનાહોથી પાક – પવિત્ર કરવામાં આવે અને લડાઈમાં જીતના ભરમ અને ગરૂરમાં નાંખીને ધીરે ધીરે શત્રુને બરબાદ કરી દેવામાં આવે.

આયત નં ૧૪૨ માં અલ્લાહ તઆલાનું સંબોધન એમ તો સહાબા રદિ.ને છે પણ એમાં બધા જ મુસલમાનો આવી જાય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે શું તમે એમ સમજો છો કે જન્નતના ઉચ્ચ દરજાઓ કોઈ આજમાયશ અને તકલીફ વગર સરળતાથી મળી જાય, એમ નથી હોતું, બલકે અલ્લાહ તઆલા એના માટે લોકોને પહેલાં લોકો લડાઈ, મુસીબત અને સબ્ર – ધીરજમાં વડે અજમાવે છે. પછી જે એમાં સફળ થાય છે એને આ મરતબો મળે છે. અમુક રિવાયતોમાં છે કે લડાઈ પહેલાં અમુક લોકો લડવાની અને લડાઈમાં જીતવાની કાં શહાદત પામવાની ઈચ્છાઓ વ્યકત કરતા હતા, પણ લડાઈમાં ઘમાસાનની લડાઈમાં તેઓ ટકી શકયા નહીં, એમને ટકોર કરવા હેતુ આ આયત નાઝિલ થઈ હતી. (તફસીરે મઝહરી) આગળની આયતમાં પણ આ બાબતે ટકોર છે કે અત્યાર સુધી લડવા–મરવાનો ભારે ઉત્સાહ વ્યકત કરતા હતા, હવે મોત – શહાદતને તમારી સામે છે, તમારા સાથીઓ શહીદ થઈ રહયા છે તો પછી હવે ડરવા કે પાછળ હટવાનો શો મતલબ ? હદીસમાં છે કે તમે શત્રુ સાથે બાથ ભીડવાની ઈચ્છા ન કરો, પણ જ્યારે એવો પ્રસંગ આવી પડે તો દૃઢ રહો.

આયત નં ૨૮૬ માં એક ઉહદની લડાઈની એક ખાસ ક્ષણનું વર્ણન છે, એક તબક્કે એવું થયું કે શુત્રુઓના એક સામટા દબાવ બનાવીને એટલા આગળ આવી ગયા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર સીધી વાર કર્યો, ચહેરા ઉપર ઝખમ આવ્યો અને દાંત તૂટી ગયા, આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક ખાડામાં પડી ગયા, તો કોઈ દુશ્મને જોરથી એમ જાહેર કરી દીધું કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને કતલ કરી દેવામાં આવ્યા. મુસલમાનોમાં એનાથી અફરા તફરી મચી ગઈ. કોઈએ વિચાર્યું કે કાફિરો સાથે સુલહ કરી લેવામાં આવે. કોઈક મુનાફિક બોલ્યો કે ફરી પાછા પાછલા દીનમાં જતું રહેવું જોઈએ. મુહમ્મદ નબી હોત તો કતલ ન થાત. અમુક લોકો નિરાશ થઈને મેદાન છોડી જવા લાગ્યા. અમુક લોકો કહેવા લાગ્યા કે મુહમ્મદ નથી રહયા તો હવે આપણે પણ જીવીને શું કરીશું, આપણે પણ એમના

પાછળ જાન આપી દેવી જોઈએ. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શહીદ થયા છે, અલ્લાહ તો મોજૂદ છે. એના માટે જ લડવામાં શું વાંધો છે ? આ સ્થિતિમાં હઝ. કઅબ બિન માલિક રદિ.એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયા ઓળખ્યા અને મુસલમાનોને બુમ પાડીને કહયું કે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જીવંત છે, સલામત છે. આ વેળા મુસલમાનોમાં ફેલાયેલ અફરા તફરી અને માયૂસી ઉપર ટકોર કરવા અને ચેતવણી આપવા માટે આ આયત નાઝિલ થઈ કે...

મુહમ્મદ (સલ.) પણ આખરે અલ્લાહ તો નથી, એક રસૂલ જ છે. એમના પહેલાં કેટલાયે રસૂલો આવી ચૂક્યા, જેઓના પછી તેમના અનુયાયીઓએ પોતાનું સર્વસ્વ ફિદા કરી દીનની રક્ષા કરી અને તેને કાયમ રાખ્યો. આપ (સલ.)નું દુનિયાથી ચાલ્યા જવું પણ કોઈ આશ્ચર્યકારક બીના છે ! હમણાં નહિ તો બીજા કોઈ સમયે આપ (સલ.) વફાત પામે અથવા આપ (સલ.)ને શહીદ કરી નાખવામાં આવે તો શું તમે દીનની સેવા અને બચાવના માર્ગથી પાછા પગે ફરી જશો ? અને જિહાદ ફી સબીલિલ્લાહ છોડી દેશો ? અથવા મુનાફિકોના અભિપ્રાય પ્રમાણે દીનને છોડી દેશો ? તમારાથી કદી એવી આશા નથી અને જે કોઈ એવું કરશે તે પોતાનું જ નુકસાન કરશે. અલ્લાહનું એથી કંઈ પણ બગડે એમ નથી અને તે તમારી મદદનો મોહતાજ નથી, બલકે તમે તેનો શુક્ર માનો કે તેણે તમને પોતાના દીનની સેવાના કાર્યમાં લગાવી દીધા.

આયત ૧૪૫ માં અલ્લાહ તઆલા લડાઈ માટે તત્પર રહેવા, અડગ રહેવા અને ખુદા ખાતર લડવામાં નિખાલસ રહેવાની પ્રેરણા આપતાં ફરમાવે છે કે મૃત્યુનો એક નક્કી સમય લખેલો છે. એ પહેલાં કોઈ માણસ ચાહે તો પણ મરી શકતો નથી. પછી મૃત્યુ કે લડાઈનો ડર શા માટે ? અને લડો તો ફકત આખિરત અને અલ્લાહ તઆલાની પ્રસન્નતા માટે લડો. લડવામાં નિયત ફકત માલ મેળવવાની હશે તો લડાઈના અંતે શત્રુનો માલ મળશે, અને જેની નિયત આખિરત હશે એને અમે આખિરતનો સવાબ આપીશું અને આવા શુક્રગુઝાર બંદાઓને અમે દુનિયામાં પણ શ્રેષ્ઠ વળતર આપીશું, માટે ઊંચા ધ્યેયને સામે રાખીને કોઈ પણ કાર્યમાં ભાગ લેવો જોઈએ.

———————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ*** *: મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૪૦**

***કુર્બાનીના જાનવર વિષે સુચનાઓ***

(٢٧٢) عَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ سُئِلَ مَاذَا يُتَّقٰى مِنَ الضَّحَايَا فَاَشَارَ بِيَدِهٖ فَقَالَ اَرْبَعاً اَلْعَرْجَاءُ الْبَيِّنُ ظِلْعُهَا وَالْعَوْرَاءُ الْبَيِّنُ عَوَرُهَا وَالْمَرِيْضَةُ الْبَيِّنُ مَرَضُهَا وَالْعَجْفَاءُ الَّتِى لَاتُنْقِىْ۔ (رواه مالك واحمد والترمذى وابوداؤد والنسائى وابن ماجة والدارمى)

**તરજુમો:– હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પુછવામાં આવ્યું કે કુર્બાનીમાં કેવા જાનવરોથી બચવું જોઈએ, (એટલે તે કઈ ખરાબીઓ અને એબ છે જેના કારણે જાનવર કુર્બાની લાયક રહેતુ નથી) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હાથથી ઈશારો ફરમાવી, બતાવ્યું કે ચાર (એટલે ચાર ખરાબીઓ અને નુકસાનો એવા છે કે જો કોઈ જાનવરમાં તેમાંથી કોઈ નુકસાન અને ખરાબી જોવા મળે તો તે કુર્બાની લાયક રહેતું નથી) એક એવું લંગડુ જાનવર જે વધુ પડતું લંગડુ જણાતું હોય, (કે જેના કારણે તેનું ચાલવું મુશ્કેલ હોય)બીજુ જેની આંખ નકામી થઈ ગઈ હોય, અને તે ખરાબી દેખાતી હોય, ત્રીજું જે જાનવર ઘણું જ બીમાર હોય, ચોથું એવું દુબળુ જાનવર જેના હાડકામાં ફોસફર્સ બાકી ન રહ્યો હોય.**

(٢٧٣) عَنْ عَلِىٍّ ؓ قَالَ نَهٰى رَسُوْلُ اللّٰهِ ﷺ اَنْ نُضَحِّىَ بِاَعْضَبِ الْقَرْنِ وَالْاُذُنِ۔ (رواه ابن ماجة)

**તરજુમો:– હઝરત અલી મુર્તૂઝા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અમને એવા જાનવરની કુર્બાની કરવાથી રોકયા જેના શીંગડા તુટી ગયા હોય, અથવા કાન કપાયલા હોય. (ઈબ્ને માજા)**

ખુલાસો :– કુર્બાની અસલમાં બંદા તરફથી અલ્લાહના દરબારમાં ભેટ છે, માટે જરૂરી છે કે પોતાની શકિત મુજબ સાફ જાનવર પસંદ કરે, એ ઘણી જ ખોટી વાત છે કે લંગડુ, લુલુ, આંધળુ, કાંણું, બીમાર, નબળુ, શીંગડુ તુટેલુ, કાન કપાયલુ, જાનવર અલ્લાહના દરબારમાં રજૂ કરવામાં આવે. કુર્આન પાકમાં કાયદા રીતે ફરમાવ્યું છે : ﴿لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ﴾

અર્થાત :– તમને નેકી ત્યાં સુધી મળશે નહીં, જયાં સુધી તમારી વહાલી ચીઝો અલ્લાહના રસ્તામાં ખર્ચ ન કરો.

મતલબ કે કુર્બાની વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની એ સુચનાઓનો ખાસ હેતુ અને તેનો મર્મ પણ એ જ છે.

## મોટા જાનવરમાં કેટલા ભાગ

(٢٧٤) عَنْ جَابِرٍؓ اَنَّ النَّبِیَّ ﷺ قَالَ الْبَقَرَةُ عَنْ سَبْعَةٍ وَالْجَزُوْرُ عَنْ سَبْعَةٍ۔

(رواه مسلم وابوداؤد واللفظ له)

તરજુમોઃ હઝ. જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યુંઃ ગાય અથવા બળદની કુર્બાની સાત માણસો તરફથી, એ જ મુજબ ઉંટની કુર્બાની સાત માણસો તરફથી થઈ શકે છે. (મુસ્લિમ, અબૂ દાઉદ) ખુલાસો : ભેંસ અરબના લોકો સમક્ષ ગાયનો જ એક પ્રકાર છે, ભેંસ અરબમાં હોતી નથી. જેથી હદીષમાં અલગ ઉલ્લેખ કર્યો નથી, તેની પણ કુર્બાની સાત માણસો તરફ થઈ શકે છે.

## કુર્બાનીનો સમય ઈદની નમાઝ પછી

(٢٧٥) عَنِ الْبَرَاءِؓ قَالَ خَطَبَنَا النَّبِیُّ ﷺ یَوْمَ النَّحْرِ فَقَالَ اِنَّ اَوَّلَ مَانَبْدَءُ بِهٖ فِی یَوْمِنَا هٰذَا اَنْ نُصَلِّیَ ثُمَّ نَرْجِعَ فَنَنْحَرَ فَمَنْ فَعَلَ ذَالِكَ فَقَدْ اَصَابَ سُنَّتَنَا وَمَنْ ذَبَحَ قَبْلَ اَنْ نُصَلِّیَ فَاِنَّمَا هُوَ شَاةُ لَحْمٍ عَجَّلَهٗ لِاَهْلِهٖ لَیْسَ مِنَ النُّسُكِ فِی شَیْءٍ۔ (رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કુર્બાની ઈદના દિવસે ખુત્બો આપ્યો, તેમાં ફરમાવ્યુંઃ આજના ખાસ કામોમાંથી સૌથી પ્રથમ કામ એ છે કે આપણે અલ્લાહના દરબારમાં ઈદની નમાઝ અદા કરીએ. પછી ત્યાંથી પાછા ફરી કુર્બાની કરીએ, જે એવું કરશે, તે અમારી રીત મુજબ ઠીક ગણાશે, (અને

તેની કુર્બાની બરાબર અદા થશે,) અને જેણે નમાઝ પહેલાં કુર્બાની કરી નાંખી, તેની કુર્બાની થઈ જ નથી. બલ્કે તેણે ઘરના લોકોને માંસ ખાવા બકરી ઝુબેહ કરી, (એનાથી વધુ તેની કોઈ હેસિયત નથી) (બુખારી, મુસ્લિમ)

(٢٧٦) عَنْ جُنْدُبِ بْنِ عَبْدِ اللّٰهِ ؓ قَالَ شَهِدْتُ الْاَضْحٰى يَوْمَ النَّحْرِ مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ فَلَمْ يَعْدُ اَنْ صَلّٰى وَفَرَغَ مِنْ صَلٰوتِهٖ وَسَلَّمَ فَاِذَا هُوَ يَرٰى لَحْمَ اَضَاحِىْ قَدْ ذُبِحَتْ قَبْلَ اَنْ يَّفْرُغَ مِنْ صَلٰوتِهٖ فَقَالَ مَنْ كَانَ ذَبَحَ قَبْلَ اَنْ يُّصَلِّىَ اَوْ نُصَلِّىَ فَلْيَذْبَحْ مَكَانَهَا اُخْرٰى۔ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે એક વખતે કુર્બાનીના દિવસે હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર હતો, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈદની નમાઝથી પરવાર્યાની સાથે જ આપની નઝર કુર્બાનીના ગોશ્ત પર પડી, આ કુર્બાનીઓ ઈદની નમાઝથી પરવાર્યા પહેલાં જ ઝુબહ થઈ ચુકી હતી, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જે લોકોએ નમાઝ પહેલાં કુર્બાનીઓ કરી છે. તે ફરીથી બીજી કુર્બાની કરે, (કેમકે તેમની કુર્બાની વખતથી પહેલાં થવાથી સહીહ નથી થઈ) (બુખારી, મુસ્લિમ)

## ઝિલહજના આગલા દસ દિવસની ફઝીલત અને હુરમત

જે પ્રમાણે અલ્લાહ તઆલાએ અઠવાડીઆના સાત દિવસોમાં જુમ્આના દિવસને, અને વર્ષના બાર માસમાં રમઝાન મુબારકને પછી રમઝાનના ત્રણ દસકામાંથી છેલ્લા દસકાને ખાસ ફઝીલત આપી છે. એ જ પ્રમાણે ઝિલ્હજના પહેલા દસકાને પણ ફઝલ અને રહમતનો ખાસ દસકો ગણવામાં આવ્યો છે. અને એટલા જ માટે હજ પણ એ જ દિવસોમાં રાખવામાં આવી છે. મતલબ કે એ રહમતે ખુદાવંદીનો ખાસ દસકો છે. તે દિવસોમાં બંદાઓનો દરેક અમલ અલ્લાહને ઘણો જ પસંદ છે. અને તેની ઘણી કિંમત છે.

(٢٧٧) عَنِ ابْنِ عَبَّاسٍ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَا مِنْ اَيَّامٍ اَلْعَمَلُ الصَّالِحُ فِيْهِنَّ اَحَبُّ اِلَى اللّٰهِ مِنْ هٰذِهِ الْاَيَّامِ الْعَشْرَةِ۔ (رواه البخارى)

તરજુમોઃ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાને નેક અમલ જેટલો આ દસ દિવસોમાં પસંદ છે. એટલો બીજા કોઈ દિવસમાં પસંદ નથી. (બુખારી શરીફ)

(۲۷۸) عَنْ اُمِّ سَلَمَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا دَخَلَ الْعَشْرُ وَاَرَادَ بَعْضُكُمْ اَنْ يُّضَحِّيَ فَلَايَا خُذَنَّ شَعْراً وَلَا يُقَلِّمَنَّ ظُفُراً۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત ઉમ્મુલ મુઅમિનીન હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જયારે ઝિલ્હજનો પહેલો દસકો શરૂ થાય, (એટલે ઝિલ્હજનો ચાંદ જોવાય) અને તમારામાંથી કોઈનો વિચાર કુર્બાની કરવાનો હોય તો તેણે કુર્બાની કરતાં સુધી વાળ અને નખ ન કાપવા જોઈએ. (મુસ્લિમ શરીફ)

ખુલાસો : અસલમાં એ દસકો હજનો છે. અને તે દિવસોનો ખાસ અમલ હજ છે, પરંતુ હજ મક્કા મુઅઝઝમાં જઈને થઈ શકે છે. એટલા માટે તે જીવનભરમાં માત્ર એક જ વખતે અને તે પણ શકિત શાળી લોકો પર ફરજ છે. તેની ખાસ બરકતો તે લોકો જ મેળવી શકે છે. જેઓ ત્યાં હાજર થઈ હજ કરી શકે છે. પરંતુ અલ્લાહ તઆલાએ તેની રહમતથી સઘળા ઈમાન વાળાઓને મોકો આપ્યો છે કે જયારે હજના દિવસો આવે તો તેઓ પોત પોતાની જગ્યાએ રહી હજ અને હાજીઓ સાથે એક સંબંધ બાંધી શકે છે અને તેમના અમૂક કામોમાં ભાગીદાર બની જાય ઈદુલઅદહાની કુર્બાનીનો ખાસ મકસદ એ જ છે

હાજીઓ દસ ઝિલ્હજના મિનામાં અલ્લાહના દરબારમાં તેમની કુર્બાનીઓ હાજર કરે છે. દુનિયાના બીજા મુસ્લિમો જેઓ હજમાં શામેલ ન થઈ શકે તેમને હુકમ છે કે તેઓ તેમની જગ્યાએ ઠીક તે જ દિવસે અલ્લાહના દરબારમાં તેમની કુર્બાનીઓની ભેટ અર્પણ કરે, અને જે રીતે હાજી એહરામ બાંધ્યા પછી વાળ અને નખ નથી કપાવતો, તે જ મુજબ આ મુસલમાન જે કુર્બાની કરવા ઈચ્છતો હોય, ઝિલ્હજનો ચાંદ જોયા પછી વાળ અથવા નખ ન કપાવે, આ રીતે હાજીઓ સાથે એક સંબંધ પેદા કરે. કેટલી મુબારક સુચના છે. જેના પર અમલ કરી પૂર્વ પશ્ચિમના મુસલમાન હજના નૂર અને બરકતોમાં ભાગીદાર બની શકે છે.

(ચેતવણી) યાદ રહે કે અહીંયા કુર્બાની અને તેનાથી પહેલાં સદકએ ફિત્ર વિષે હદીષો, ઈદની નમાઝની હદીષો સાથે તેના તાબે રાખી વર્ણન કરી છે. નહીં તો આતો 'કિતાબુ સ્સલાત' છે. પરંતુ ઘણા મુહદ્દીસોએ એવું પણ કર્યુ છે કે સદકએ ફિત્ર અને કુર્બાની વિષેની હદીષો પણ તેમણે ''સલાતે ઈદૈન'' સાથે જ લખી છે. તેમની જ તાબેદારીમાં આ કિતાબમાં પણ એ જ રીત અપનાવવામાં આવી છે.

# ઇસ્લામની ફરજોની અદાયગીમાં લોકોના આંખ મીચામણાં

*હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ* ● *મુફતી ફરીદ અહમદ કાવી*

આપણે અમુક ઈસ્લામી બાબતો પ્રત્યે લોકોની ગફલતના ઉદાહરણો જોઈએ : ઈસ્લામમમાં ઈમાન પછી સૌથી મહત્વની બાબત નમાઝની છે. ઘણી હદીસોમાં નમાઝ છોડવાને કુફ્ર સુધી લઈ જનાર કામ કહેવામાં આવ્યું છે. ઈસ્લામ અને કુફ્ર વચ્ચે નમાઝને જ તફાવતની બાબત છે, એમ કહેવામાં આવ્યું છે. નમાઝ છોડવાના દીની – દુન્યવી કેટલા નુકસાનો છે, એની ટુંક વિગત હું મારા રિસાલા ફઝાઈલે નમાઝમાં વર્ણવી ચુકયો છે. અહિયાં એને દોહરાવવાની આવશ્યકતા નથી. પરંતુ કેટલા મુસલમાનો પાબંદીથી આ મહત્વની ફરજ અદા કરે છે ? અને એનાથી મોટી બુરાઈ આ છે કે નમાઝ છોડનારાઓને ટોકવાની હિમ્મત પણ કોઈને નથી. કોઈ ગરીબ મુસલમાનને ટોકી શકાય છે, પણ કોઈ ઊંચી જાતના મુસલમાનને પણ ટોકી શકાય ? જે લોકોના ગજવામાં ચાર પૈસા આવી જાય, કોઈને નાનકડી હુકૂમત કે સાલિયાણું મળી જાય, એમને ટોકવાની કોઈના અંદર મજાલ છે ? નમાઝ છોડવા બાબત એમના દરબારમાં જઈને ટકોર કરી શકાય છે ? અને આજકાલ તો આ બધાથી વધીને એક માણસ જાહેરમાં કહે છે કે નમાઝ જેવી કોઈ ઈબાદત છે જ નહીં. અને લોકો એને ટોકવાના બદલે એના વખાણ કરે છે. તે અલ્લામા ગણાય છે. મુસલમાનોની મુસીબતોનો મસીહા છે. તે સમયની જરૂરતને સમજનાર છે અને એના વિરુદ્ધ બોલનાર જાહેલ છે, બે રકાતનો સામાન્ય ઈમામ છે. એને ઝમાનાની મસ્લેહતની કોઈ ગતાગમ નથી, મુસલમાનોની જરૂરતોથી વાકેફ નથી !

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો ફરમાવે છે કે મારી આંખોની ઠંડક નમાઝમાં છે, અને એમની તાબેદારીનો દાવો કરનાર કહે છે કે નમાઝ એક ફાલતુ કામ છે. અને આમ કહેવાના કારણે એને ઊંડી સમજ અને લાંબી નજર રાખનાર વિદ્વાન હોવાનો ખિતાબ મળે છે. આવું બધું કોમમાં થતું

હોય અને પછી મુસલમાનો પોતાના ઉપર આવનાર મુસીબતોની શિકાયત કરે છે ! આવા સંજોગોમાં તો આપણા ઉપર જેટલા પણ હાલાત આવે, આપણા ગુનાહોની સાચી સજા કરતાં ઓછા જ છે. ફકત અલ્લાહની મહેરબાની ગણાય કે એની રહમતના પ્રતાપે આપણું અસ્તિત્વ દુનિયામાં બાકી છે.

આ તો ફકત નમાઝની ઈબાદત અને ફરજનો હાલ છે. રોઝા, ઝકાત, હજ જેવી બીજી ફરજોમાંથી કોઈ ફરજ જોઈ લો. અને દુનિયા ઉપર એક નજર કરીને એનો હાલ જોઈ લેવામાં આવે કે એના ઉપર અમલ કરનાર લોકો કેટલા છે ?

### હરામની હિમ્મત

બીજી તરફ હરામ કામોમાં ફકત એક દારૂને જ લઈ લ્યો. ઈસ્લામનું નામ લેનારા અને હિમાયતના દાવેદાર, ઈસ્લામની પ્રગતિ માટે ન્યોછાવર થવા તત્પર લોકો કેટલાય લોકો હિમ્મત અને નિર્લજજતા સાથે જાહેરમાં પીવે છે. કુરઆનમાં આ બાબતે અનેકવાર મનાઈ ફરમાવવામાં આવી છે. અને સ્પષ્ટ શબ્દોમાં છોડવાનો આદેશ છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે શરાબ પીનાર વ્યકિત ઉપર લાનત ફરમાવી છે. શરાબ બનાવનાર, જેના માટે બનાવવામાં આવે, વેચનાર, ખરીદનાર, લઈ જનાર અને જેની પાસે લઈ જવામાં આવે, એ બધા ઉપર લઅનત ફરમાવી છે. પીવડાવનાર અને શરાબની કીમત ખાનાર (ધંધો કરનાર) ઉપર પણ લઅનત ફરમાવી છે.

એક અન્ય હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : મારી પાસે હઝરત જિબ્રઈલ અલૈ. આવ્યા અને ફરમાવ્યું કે, હે મુહમ્મદ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) બેશક અલ્લાહ તઆલાએ શરાબ ઉપર લઅનત ફરમાવી છે. અને એના બનાવનાર, ઓર્ડર આપનાર, પીવા વાળા ઉપર, ઉચકીને લઈ જનાર ઉપર, જેની પાસે લઈ જવામાં આવે છે એના ઉપર, વેચનાર ઉપર, સીધી રીતે કે પોતાના માણસો થકી બીજાને પીવડાવનાર ઉપર.. આ બધા ઉપર લઅનત ફરમાવી છે.

હાકેમ રહ.એ આ બન્ને હદીસોને સહીહ બતાવી છે. હવે વિચારવાની વાત આ છે કે આ એક શરાબના કારણે કેટલાયે લોકો અલ્લાહની અને એના રસૂલની લઅનતમાં સપડાય છે. વિચારો, જે લોકો ઉપર અલ્લાહ તઆલા લઅનત કરતા હોય, અને ઉમ્મત માટે સૌથી વધારે મહેરબાન અને હરપળ ઉમ્મતની કામ્યાબી

અને ભલાઈ માટે કાર્યરત રસૂલ લઅનત કરતો હોય, એવા લોકોનો શું હાલ થશે ? અને જે લોકો શકિત છતાં એના ઉપર ખામોશ રહે, રોકટોક ન કરે, તેઓ પણ લઅનતથી કયાં દૂર રહેવાના છે ? અને હવે આપણી હાલત જોઈએ, પોતે રોકટોક કરવાની વાત બાજુએ રહી, કોઈ બીજું રોકટોક કરનાર હોય તો એ તંગનજર (સંકુચિત માનસ ધરાવનાર) છે. નર્યો મુલ્લો છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે શરાબથી બચો, તે દરેક બુરાઈની જડ છે.

જયારે આપણે બધા બુરાઈઓનું તાળું પોતાના હાથો વડે જ ખોલતા હોય, તો પછી બુરાઈઓની શિકાયત કેવી રીતે કરી શકીએ ? એક સાચા – પાકા ખબર આપનાર રસૂલે ફરમાવી દીધું છે કે આ દરવાઝો ખોલશો તો ફલાણી વસ્તુ નીકળશે, અને છતાં આપણે દરવાઝો ખોલીએ છીએ, અને પછી એ જ વસ્તુ નીકળે છે તો રોકકળ મચાવીએ છીએ. આવી બેવકૂફીની પણ કોઈ હદ હોય છે.

### વ્યાજ

આ જ પ્રમાણે વ્યાજની બાબત છે. અલ્લાહ તઆલા અને એના રસૂલના કથનો ઉપર વિચારીએ. અલ્લાહ તઆલા ઘણી તાકીદ સાથે કુરઆન પાકમાં એની મનાઈ ફરમાવી છે. એટલે સુધી કે પોતાના તરફથી અને પોતાના રસૂલ તરફથી વ્યાજ ન છોડનાર લોકો સાથે લડાઈની જાહેરાત કરી દીધી, એટલે કે એમને શત્રુ કરાર દીધા છે. કુરઆનમાં છે :

فإن لَمْ تَفْعَلُوا فَأْذَنُوا بِحَرْبٍ مِنَ اللهِ و رَسُولِهِ (بقره : ٣٨)

તરજમહ : જો તમે એમ ન કર્યું, (લોકો પાસે બાકી પડતા વ્યાજના પૈસા છોડયા નહીં તો) અલ્લાહ અને રસૂલ તરફથી લડાઈની જાહેરાત સાંભળી લ્યો.

તે લોકો ઈસ્લામ લાવવા પૂર્વે જહાલતના ઝમાનાથી જ વ્યાજનો વહેવાર કરતા હતા, એટલે એમને કહેવામાં આવ્યું કે વ્યાજના પૈસા જેના લેવાના બાકી હોય એ હવે બિલ્કુલ વસૂલ ન કરે. નવેસરથી વ્યાજનો મામલો કરવાનો તો કોઈ સવાલ જ નથી. હદીસ શરીફમાં પણ ઘણી તાકીદ સાથે મનાઈ આવેલી છે. અનેક હદીસોમાં એમ પણ છે કે વ્યાજ લેવાના ગુનાના ૭૩ દરજાઓ છે. અને સૌથી ઓછો ગુનો એવો છે, જેમ કોઈ માણસ એની માં સાથે ઝિના કરે અને કોઈ મુસલમાનને અપમાનિત કરવું બદતરીન વ્યાજના ગુનાની જેમ છે.

એક હદીસમાં છે : એના ગુનાહોથી પોતાને બચાવો જેની કોઈ માફી નથી.

આવો એક ગુનો વ્યાજ પણ છે. જે માણસ વ્યાજ ખાય છે તે કયામતના દિવસે મેદાને હશ્રમાં પાગલો જેવો હશે.

એક હદીસમાં છે : શરીરના જે હાડ – માંસ વ્યાજના રૂપિયાથી બન્યાં હોય, તે જન્નતમાં નહીં જાય.

અનેક હદીસોમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વ્યાજ લેનાર, વ્યાજ આપનાર, વ્યાજુ કારોબારમાં સાક્ષી બનાનાર અને વ્યાજે વહેવાર લખનાર ઉપર લઅનત ફરમાવી છે. અને જે માણસ ઉપર અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લઅનત ફરમાવે, એનો શું અંજામ થશે?

આ બધી હદીસોને દિમાગમાં રાખો, અને પછી આજકાલના વહેવારોને શરીઅતના નિયમ મુજબ તપાસીએ, કેટલાયે એવા મામલાઓ હોય છે જેમાં સ્પષ્ટ રીતે વ્યાજુ લેન – દેન થાય છે. બલકે વ્યાજને જાઇઝ કહેવામાં આવે છે. જાઇઝ હોવા વિશે પુસ્તિકાઓ લખવામાં આવે છે. કોઈ બિચારો એના વિરુદ્ધ અવાઝ ઉઠાવે તો એના ઉપર જૂઠા આરોપો લગાવવામાં આવે છે. એનો મુકાબલો કરવામાં આવે છે, એની વાત કોઈ સાંભળે જ નહીં એવા પ્રયત્નો કરવામાં આવે છે.

આ એક બે ઉદાહરણો ટુંકમાં લખ્યાં છે. બીજા શરઈ અહકામ વિશે તમે જાતે જ વિચારી લેશો, જેટલા કરવાના કામો છે, એમાં ગફલત, સુસ્તી, નકાર જ હશે. અને જેટલા કામો ન કરવાના હશે, નાજાઈઝ હશે, હરામ હશે, એ હિમ્મતપુર્વક જાહેર રીતે કરવામાં આવતા હશે. અને એના વિશે કોઈ રોક ટોક કરનાર ન હશે, અને કયાંક કોઈ જુનવાણી માણસ વિરોધ કરશે તો એના શું હાલ થશે એ સમજી શકાય છે. આ અુમક વિષેશ ઉદાહરણો પછી હવે હું અમુક હદીસો ફકત નમૂના માટે લખી રહયો છું. જેનાથી અંદાઝો આવી જશે કે આપણા લોકોની પરેશાનીઓ, મુસીબતો આપણે પોતે નોતરેલી છે. એમાં કોઈ બીજાનો શો વાંક ?

આપણે જો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સાચા મુસલમાન સમજીએ છીએ તો આ વાત પણ સારી રીતે સમજી લેવી જોઈએ કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે પ્રકારના આમાલ વિશે જે પ્રકારના અઝાબ અને મુસીબતો આવવાની આગાહી કરી છે, એ થઈને રહેશે. જો આપણે એનાથી બચવા ચાહીએ છીએ તો એ આમાલને છોડી દેવા પડશે. આપણે પોતે તો આગમાં કૂદી જઈએ અને પછી શોર મચાવીએ કે બળી ગયા, બળી ગયા .. એનો શો ફાયદો ?

• • • • •

# વાલિદૈનના હકો અને વર્તમાન સમાજનું બિહામણું દશ્ય

હઝ. અબૂ હુરૈરહ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં એક માણસ હાજર થયો, અને પૂછયું કે હે અલ્લાહના રસૂલ ! મારા સદવર્તનના સૌથી વધારે હકદાર કોણ છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તારી માં. એણે પછી પૂછયું કે, પછી કોણ વધારે હકદાર ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું : તારા બાપ.

એક હદીસમાં આમ પણ છે કે હે અલ્લાહના રસૂલ ! મારા સદવર્તનના હકદાર સૌથી વધારે કોણ ? તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમારી માં. પછી તમારી માં, પછી તમારી માં, અને પછી તમારા બાપ. પછી સગાઈમાં જે જેટલા નજીક હોય એ પ્રમાણે.

એટલે કે આ હદીસમાં તો સદવર્તન બાબતે માં ને બાપ કરતાં ત્રણ ગણો વધારે હક આપવામાં આવ્યો છે. ત્રણ ભાગ માં ના અને એક ભાગ બાપનો.

આ હદીસનું વિવરણ કરતાં ઉલમાએ કિરામે લખ્યું છે કે, બે બાબતો અલગ અલગ સમજવી જરૂરી છે. ખિદમત – સદવર્તન અને સન્માન અને આજ્ઞાપાલન. સન્માન અને આજ્ઞાપાલનમાં બાપનું સ્થાન માં કરતાં વધારે ઊંચું છે. બન્નેના આદેશોમાં સામ સામે ટકરાય અને બન્નેની વાત શરીઅત – ધર્મ વિરુદ્ધ ન હોય તો બાપનો હુકમ માનવામાં આવશે. અને ખિદમત, સેવા, કંઈ આપવા અને સદવર્તન કરવા બાબતે બાપ ઉપર માં ને પ્રાથમિકતા આપવામાં આવશે.

એટલા માટે કે માં બાળક માટે ત્રણ પ્રકારની મુસીબતો સહન કરે છે. બાળક પેટમાં હોય ત્યારે, પેદા થાય છે ત્યારે અને દૂધ પીવડાવવાના દિવસોમાં. પછી જયારે પાલન પોષણના દિવસો આવે છે, તો બાપ, માં સાથે શરીક હોય છે. પહેલા ત્રણ તબક્કાઓમાં બાપ નથી હોતો. ફકત માં

જ હોય છે. બાળક જયારે મોટું થાય અને તાલીમ – કેળવણીના દિવસો આવે છે ત્યારે બંને શરીક હોય છે. આમ માં ની મહેનત ત્રણ ગણી હોય છે એટલે સદવર્તન, ખિદમત અને મુહબ્બતના મામલે માં ને પ્રાથમિકતા આપવામાં આવશે. અને આજ્ઞાપાલન અને સન્માન બાબતે બાપને પ્રાથમિકતા આપવામાં આવશે અને બાપની વાત આગળ રાખવામાં આવશે.

હઝરત અબૂ હુરયરહ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન વર્ણવે છે કે, જે માણસના માં – બાપમાંથી કોઈ એક અથવા બંને ઘડપણમાં હોય, છતાં એમની સેવા કરીને તે જન્નત ન મેળવી લે તો એવા માણસનું નાક રગડાય. એ માણસ બરબાદ થાય, બરબાદ થાય. (મુસ્લિમ)

આમ એટલા માટે કે ઘડપણમાં માં – બાપ એની સામે હતાં, અને માણસ એમની સેવા ચાકરી કરત તો તેઓ એને જન્નતમાં લઈ જતે, પરંતુ માણસે એમના હકો અદા કર્યા નહીં અને જન્નતમાં જવાથી વંચિત રહયો, તો હવે એના માટે બરબાદી સિવાય બીજું શું બાકી રહયું ? માટે મા બાપના હકો અદા કરવા બાબતે, વિશેષ કરીને એમના ઘડપણના દિવસોમાં વધારે તકેદારી રાખવામાં આવે.

આજકાલ તો એવો ઝમાનો આવ્યો છે કે કંઈ જ કરવાનું બાકી નથી રહયું. એક ભાઈ કહેતા હતા કે હવે તો માં – બાપને પણ વહેંચવામાં આવે છે. મેં પૂછયું કે કેવી રીતે ? તો એમણે જણાવ્યું કે માં – બાપની હયાતીમાં જ બેટાઓ એમની સંપત્તિ વહેંચી લે છે. પછી છોકરાઓ પરસ્પર નક્કી કરે છે કે બાપને તું રાખજે અને માં ને હું મારા ઘરે રાખીશ.

પછી શું થાય છે ?

જાયદાદમાંથી બે ચાર વીંઘા જમીન બાપ રાખનાર બેટાના વપરાશ માટે અને કંઈક જમીન માં ને રાખનાર બેટાને વાપરવામાં આવે છે. પછી માં – બાપમાંથી ઉદાહરણ તરીકે માં મરી જાય અને બાપ રહી જાય તો ફરી પાછો ઝઘડો. બાપ રાખનાર છોકરો કહે છે કે માં તો મરી ગઈ, હવે તું આરામથી રહે અને હું એકલો બાપનો બોજ ઉઠાવું ? તું પણ એમને

રાખવામાં મારી મદદ કર. નહીંતર જમીનમાં મને ભાગ આપ. અલ્લાહુ અકબર ! આ બધું હવે સામાન્ય થઈ રહયું છે. માં – બાપની સેવા ચાકરી પણ સંપત્તિ ખાતર કરવામાં આવે છે. આખી જિંદગી તો માં – બાપ બંને સાથે રહયા. અને આમ છેલ્લી જિંદગીમાં એમને અલગ કરી દેવાનું કૃત્ય કોઈ પણ રીતે સારી વાત ન કહી શકાય. આ તો અસહય તકલીફ કહેવાય. છોકરાઓ પોતે તો એમની પત્નિથી અલગ રહેવા તૈયાર નથી અને મા – બાપ સાથે આવો વર્તાવ કરવામાં આવે ?

આ તો માં – બાપની વહેંચણી હતી. માં ના મૃત્યુ પછી બાપ એકલા રહી ગયા તો છોકરાઓએ નક્કી કર્યું કે એકના ઘરે ખાવા ખાશે. બીજાના ઘરે નહાશે અને ત્રીજાના ઘરે સુવાનું રહેશે. વાહ ભઈ વાહ ! ઘડપણમાં બાપ ભીખારીની જેમ એક બીજા ઘરે ફરતો રહે ?

આ બધું આપણા સમાજમાં થાય છે. આપણે તપાસ કરીશું તો આવા અનેક બનાવો આપણને જાણવા મળશે.

હવે તો ધીરે ધીરે એક નવો ટ્રેન્ડ પ્રચલિત થઈ રહયો છે. માં – બાપ ઘરડા થાય તો એમને ઘરડાઘરમાં મોકલી દેવામાં આવે. યુરોપ – અમેરિકામાં તો આ પહેલેથી જ પ્રચલિત છે. મા – બાપ ઘરડા થાય એટલે પુત્ર ઘરડા ઘરનો સંપર્ક કરીને કહે છે કે હું મારા માં –બાપને તમારા ત્યાં મુકી જાઉ છું, માસિક ફી જે હોય તે ભરી દઈશ. યુરોપના લોકોને માં – બાપની સેવા કરવાની પણ ફુરસદ નથી. હાલાંકે એમનું ઘડપણ જ જન્નત કમાવાનો સમય છે.

મવલાના તકી ઉસ્માની સાહેબે એક ઘટના વર્ણવી છે, કરાચીમાં એક માણસ વિશે સાંભળ્યું કે છોકરો એના બાપને ઘરડા ઘરમાં મુકવા આવ્યો. પછી બાપનું ત્યાં જ મૃત્યુ થયું. ઘરડા ઘરના લોકોએ છોકરાને જાણ કરી કે તમારા પિતાનું મૃત્યુ થઈ ગયું છે. છોકરાએ સીધું જ કહી દીધું કે મહેરબાની કરીને તમે જ એમના કફન – દફનની વ્યવસ્થા કરી દેશો. જે બિલ થશે એ હું અદા કરી દઈશ. જનાઝહનો સમય મને બતાવી દેજો હું ત્યારે આવી જઈશ.

બધી વ્યવસ્થા થઈ ગઈ અને જનાઝહની નમાઝનો સમય આવ્યો તો ઘરડા ઘરના વ્યવસ્થાપકોએ છોકરાને જાણ કરી, પણ એ જ સમયે છોકરાની કોઈ મહત્વની મીટીંગ હતી. એટલે કહી દીધું કે મારી મહત્વની મીટીંગ છે, માટે હું આવી શકું નહીં, મહેરબાની કરીને તમે એમને દફન કરી દયો અને જે કંઈ બિલ હોય એ મને મોકલી દેજો, હું ચુકવી દઈશ.

આ બધું આજે આપણા સમાજમાં પ્રચલિત થઈ રહયું છે. જે સંપૂર્ણ રીતે ઈસ્લામી અને માનવતાની રીતે ખોટું છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદિ. વર્ણવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : પોતાના માં – બાપને ગાળો ભાંડવી મોટો ગુનો છે. સહાબા રદિ.એ પૂછયું કે યા રસૂલલ્લાહ ! શું માણસ એના પોતાના માં – બાપને તો ગાળો આપતો હશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જી, હાં, કોઈ માણસ બીજા માણસના બાપને ગાળ આપશે અને જવાબમાં એ માણસ પહેલા માણસના બાપને ગાળ આપશે.

આવું જ માં સાથે પણ થઈ શકે છે. માણસ બીજાની માં ને ગાળ આપે તો જવાબમાં એ પણ એની માં ને ગાળ આપશે.

આ સહાબાના ઝમાનાની વાત છે, તેઓની તો કલ્પનામાં પણ ન હતું કે કોઈ માણસ માં – બાપને ગાળ આપી શકે છે. આજે આપણા ઝમાનામાં આ કોઈ નવાઈની વાત નથી રહી. આજે તો સગા માં – બાપને મોઢા ઉપર ગાળો આપનારા પણ અનેક લોકો છે. પરંતુ એ ઝમાનમાં આવું કોઈ વિચારી પણ શકતું ન હતું. એટલે જ લોકોએ પૂછયું કે આ કેવી રીતે શકય હોય કે માણસ એના માં – બાપને ગાળ આપે ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના સમય મુજબ જે શકય સંજોગો હતા એ મુજબ સહાબાને સમજાવ્યું અને બતાવ્યું કે એક માણસ બીજા માણસના બાપને ગાળ આપશે તો જવાબમાં પહેલો માણસ એના બાપને ગાળ આપશે. આપ પુત્ર જ પોતાના બાપ ઉપર ગાળ આવવાનું કારણ બનશે. બેટો જો કોઈ બીજાના બાપને ગાળ ન આપત તો એના બાપને

પણ ગાળ ન પડત. આમ છેલ્લું પરિણામ એ જ આવ્યું કે છોકરાએ જ એના બાપને ગાળ આપી. આવી જ ઘટના માં સાથે પણ થઈ શકે છે. માણસ બીજાની માંનું નામ લઈને ગાળ આપશે તો જવાબમાં સામેનો માણસ પણ એની માં ને ગાળ આપશે. આ સામસામા જવાબમાં જ માં – બાપને ગાળ દેવાનું આવી જાય છે એ સમજાવવામાં આવ્યું. એટલે કે સીધી રીતે કોઈ માણસ એના માં – બાપને ગાળ કેવી રીતે આપે, એ સહાબાને સમજમાં આવે એવી બાબત ન હતી, એટલે આડકતરી રીતે જે ગાળ બનતી હતી એની સમજૂતી આપવામાં આવી.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ વેળા એવો જવાબ પણ આપી શકતા હતા કે આ વસ્તુ હમણા ભલે તમને સમજમાં નથી આવતી, પણ આગળ જતાં એવો ઝમાનો આવશે કે એમાં લોકો સીધી રીતે જ પોતાના માં – બાપને ગાળ આપશે. અલબત્ત તે ઝમાના પ્રમાણે આ વાત એમના માટે ઘણી જ નવાઈની હોત, એટલે તે વેળા સમજમાં આવે એ શકય રીત દર્શાવી દીધી. આ હદીસથી સમજમાં આવે છે કે માણસ જો કોઈ ગુનાનો સબબ બને, પોતે ગુનો ન કરે તો પણ એ ગુનેગાર ગણાય છે.

હઝરત અબૂ ઉસૈદ સાઈદી રદિ. ફરમાવે છે કે અમે લોકો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં બેસ્યા હતા, એવામાં બનૂ સલ્મહ નામી એક અન્સારી કબીલાના માણસે આવીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, મારા માં – બાપનો ઈન્તેકાલ થઈ ગયો છે. હવે એમના પ્રત્યે સદવર્તન કરવાનો કોઈ હક મારા ઉપર બાકી છે ? તો હુઝૂર અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જી હાં, એક તો એમના માટે મગફિરત અને ભલાઈની દુઆ કરતા રહો. એમણે કરેલા વાયદાઓ અને કરારો એમના મૃત્યુ પછી પણ પૂરા કરતા રહો. એમના મારફત સગાઈના જે સંબંધો છે એ બધા સગાઓનો ખ્યાલ રાખો અને એમના દોસ્તોનું પણ સન્માન કરો.

---

# મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ- જંબુસરમાં પ્રજાસત્તક પર્વની ધામધૂમથી ઉજવણી

આજ રોજ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ–જંબુસરમાં ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યમ્રકના અધ્યક્ષપદે જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ–જંબુસરના પ્રમુખ જનાબ મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબ ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનોમાં શહેરના શ્રેષ્ઠીઓ, જામિઅહના ઉસ્તાદ સાહેબો, વાલીઓ તથા મદ્રસા અને શાળાના વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનથી કરવામાં આવી હતી. શાળાના મદદનીશ શિક્ષકે મહેમાનોને આવકારતુ સ્વાગત પ્રવચન આપ્યા બાદ કાર્યક્રમના અધ્યક્ષ જનાબ મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહબના વરદ્ હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થી દ્વારા દિલકશ નઝમ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના મદદનીશ શિક્ષક અ.વાહિદ મેમણ દ્વારા બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચન રજૂ કરતા શાળાના મદદનીશ શિક્ષક ગાજી અહમદ હુસેને બંધારણની રચના અને મુસલમાનોના ફાળા ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેઓએ જુનાગઢ, પાલનપુરના દેશી રજવાડાઓની બંધારણ સંબંધિત ગાથા વર્ણવી હતી. અને જુનાગઢ અને પાલનપુરના મુસ્લીમોના બલીદાનો વર્ણવ્યા હતા. ભારતના મુસલમાનોનો દેશપ્રેમ, બંધારણનું અમલીકરણ, ભારતનું બંધારણ ઘડવામાં ડૉ.ભીમરાવ આંબેડકર સાથેના મુસ્લીમોના ફાળા અને બંધારણ સંબંધિત સલાહ–સૂચનોની વાત કરી હતી. સરદાર પટેલની અખંડ ભારતની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ૫૬૫ રજવાડાઓને ભેગા કરવાના સમયનો ઉલ્લેખ કરતાં જુનાગઢના મુસ્લીમો અને પાલનપુરના નવાબ તાલે મહંમદખાનના જબરજસ્ત સહકારની વાત કરી હતી. અને નવાબ તાલે મહંમદખાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે મહાત્મા ગાંધીજીએ પણ નવાબ તાલે મહંમદખાનનો પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં પણ તેનો ઉલ્લેખ કર્યો છે. સૌ પ્રથમ પોતાનું રજવાડુ છોડનાર તાલે મહંમદખાન હતા.

શાળાના આચાર્ય જનાબ બી.આઈ.પટેલ સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ૧૮૫૭ થી ૧૮૬૧ના સમયગાળામાં અંગ્રેજો દ્વારા ૫૧,૨૦૦

લોકોને ફાંસી ઉપર ચઢાવવામાં આવ્યા હતા. જેમાં ૨૭,૦૦૦થી વધુ ઉલમાઓ હતા. તેમણે પ્રખર ઈતિહાસવિદ્ દુર્ગાદાસના પૂસ્તકનો હવાલો આપણા જણાવ્યું હતું કે બળવાના સમયે ૧૮૫૭ થી ૧૮૬૧ સુધીના સમયગાળામાં કેટલાય વર્ષો સુધી અલ્હાબાદથી દિલ્હી સુધીના વિસ્તારમાં વૃક્ષો જોવા નથી મળ્યા. અને તેનું કારણ માત્રને માત્ર અંગ્રેજોનો જુલ્મ, અત્યાચાર અને બરબરીયતા જ હતું. તેઓએ મૌલાના અબુલ કલામ આઝાદે જમીઅતની આગેવાની હેઠળ ભાગલા સમયે મૌલાના આઝાદે બળદગાડામાં પાકિસ્તાન જતા મુસલમાનોને હાથ જોડીને જ જવા વિનંતી કરી હતી. એટલે મુસલમાનોએ ભારતને દિલથી ભારતને પસંદ કર્યું છે. અને અહીંયા જ તેઓ રહેશે. અંગ્રેજોએ વૃક્ષોનો ઉપયોગ ભારતીયોને ફાંસીએ લટકાવવા તથા મૃતદેહોને બાળવા માટે કરવામાં આવ્યો હતો. તેમણે વર્તમાન સમયની દેશની તમામ ક્ષેત્રની દયનીય સ્થિતિનો ખ્યાલ જેવી કે દેશમાં આર્થિક મંદી, બેરોજગારી, નીચો વિકાસ દર સંબંધિત ચિતાર આપ્યો હતો.

ત્યારબાદ અંગ્રેજી માધ્યમની બાળાઓએ દિન વિશેષ ઉપર સ્પીચ રજૂ કરી હતી. તેમજ વિદ્યાર્થીઓએ સુંદર મજાની નઝમ પેશ કરી હતી.

મૌલાના અ.રશીદ ખાનપુરી સાહેબે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે આપણે દેશપ્રેમી જ છીએ. તેના પ્રમાણો આપવાની કોઈ જ જરૂર નથી. તેમણે તાજમહેલ, કુતુબ મિનાર, લાલ કિલ્લાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે પાગલ તો તે લોકો છે કે જે દેશપ્રેમીના સબુત મુસલમાનો પાસે માંગે છે. તેમણે ભારતના બંધારણ અને ભારતની સંસ્કૃતિની વાત કરતા જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિ જીવંત છે અને રહેશે. કારણ કે ભારત દેશ એક બગીચા સમાન છે. તેમણે દેશમાં ચાલતા આંદોલનો તરફ ઈશારો કરતા જણાવ્યું હતું કે મોટા લોકો ભૂલ કરે ત્યારે નાના લોકો જયારે તેમની ભૂલોને બતાવતા થશે ત્યારે જ આ દેશ સાચા અર્થમાં પ્રજાસત્તાક ગણાશે. તેમણે જણાવ્યું કે મુસ્લિમ શાસન દરમિયાન વિશ્વની કુલ દોલત અને સંપત્તિનો ૩૫% ભાગ ભારત પાસે હતો. આથી જ ભારતને 'સોને કી ચીડિયા' કહેવામાં આવતો હતો. તેમણે મૃદુ અને કોમળ ભાષામાં જણાવ્યું હતું કે અમે અંગ્રેજોને ભગાડનારાઓના વારસદારો છીએ. કોઈ પણ સંજોગોમાં દેશના બંધારણનું અમે રક્ષણ કરીશું.

આ પ્રસંગે જામિઅહના ઉસ્તાદ મૌલાના બશીર સાહેબે તેમની મીઠી વાણીમાં વેધક કટાક્ષ કરતા જણાવ્યું હતું કે બંધારણના હકકો આપણે ૭૦ વર્ષ સુધી ભોગવ્યા છે. ૨૦૨૦માં આપણે એ સ્થિતિએ પહોંચી ગયા છીએ કે

બંધારણને બચાવવા માટે સ્ત્રી અને પુરુષોએ રસ્તાઓ ઉપર ઉતરવું પડયું છે. ભારતની છબી વિશ્વકક્ષાએ ખરડાઈ છે. મુસલમાનોને ગુસણખોર માનવામાં આવે છે તે વાત બિલકુલ યોગ્ય નથી.

ત્યારબાદ શાળાના વિદ્યાર્થીએ નઝમ રજૂ કરીને લોકોના દિલ મોહી લીધા હતા. દશેભકિતમાં લોકો તરબોળ થઈ ગયા હતા.

અધ્યક્ષ સ્થાનેથી પોતાનું વક્તવ્ય રજૂ કરતા મૌલાના મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબે જણાવ્યું હતું કે વર્તમાન સમય મુસ્લીમ સમાજ માટે કઠિનતાભર્યો છે. લોકશાહીને ખતમ કરવાના, બંધારણના મૂલ્યોને કચડી નાખવાના જે હિન પ્રયાસો થઈ રહયા છે તે કોઈ પણ રીતે યોગ્ય નથી. મુસલમાનો આવા પ્રયત્નોને સાંખી લેશે નહીં. અમે કોઈ પણ ભોગે અમારા અધિકારોનું રક્ષણ કરીશું. મુસ્લીમ સમાજ જે રીતે ઈસ્લામ, ઈમાનને માને છે તેવી જ રીતે ભારતના બંધારણને પણ એટલું જ માન આપે છે. મૌલાનાએ જણાવ્યું હતું કે બંધારણે બક્ષેલા અબાધિત અધિકારોના પરિણામ સ્વરૂપે જ આજે જામિઅહમાં આપણે દિની–દુન્યવી તાલીમનો ફાયદો ઉઠાવી આપણી ધાર્મિક પરંપરાઓ સાચવી શકયા છે. તેઓએ ઉપસ્થિત શૈક્ષણિક તમામ શાખાના વિદ્યાર્થી ભાઈ–બહેનોને જણાવ્યું હતું કે તમે સારું શિક્ષણ મેળવીને ઉચ્ચ વકીલ, ડૉકટર અને સારા ઈજનેરો બનો. દેશના સંવિધાનને બચાવવાની જવાબદારી હવે તમારા શિરે આવવાની છે ત્યારે ઉચ્ચ ગુણવત્તાવાળુ શિક્ષણ મેળવીને કૌમ, સમાજ, રાજય અને રાષ્ટ્રની સેવા માટે કટિબધ્ધ થાઓ.

કાર્યક્રમના અંતમાં મુફતી સાહેબે દેશમાં ભાઈચારો અને એકતા જળવાઈ રહે અને દેશની એકતા અને અખંડિતતા માટે દુઆઓ ગુજારી હતી. અને કાર્યક્રમનું સમાપન થયું હતું.

ત્યારબાદ શાળાના પટાંગણમાં વિશાળ સ્ટેજ ઉપર દેશભકિતથી તરબોળ કરી દેતા વિવિધ નાટકો, દેશભકિત ગીતો તેમજ એકપાત્રીય અભિનય અને અભિનય ગીતો રજૂ કરી પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ રીલી સ્વરૂપે પ્રભાત ફેરી ફરીને દેશભકિતની ભાવના જગાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક યાકુબ સારોદીએ કર્યું હતું.

*અહેવાલ સંલકન : બશીર આઈ પટેલ. પ્રિન્સિપાલ, મો.મ.મેમો. હાઈસ્કૂલ.*

# ભારતનું બંધારણ અને મુસલમાનો

૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે પધારેલા સંસ્થાના ટ્રસ્ટી મુફતી અહમદ સાહેબ, શાળાના આચાર્ય બશીર સાહેબ, આઈ.ટી.આઈ.ના ઈન્ચાર્જ આચાર્ય ઝહીર સાહેબ, તમામ ઉલેમાએ કિરામ, વાલીઓ, શિક્ષકો, શિક્ષિકાઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો.

શાયર કહે છે :

યુનાન, મિસ્ર રૂમા સબ મિટ ગએ જહાં સે,
અબ તક મગર હે બાકી નમો નિશાં હમારા.

વિશ્વમાં અનેક સંસ્કૃતિઓ વિકસી અને નાશ પામી, પરંતુ આપણી સંસ્કૃતિ બાકી છે અને બાકી રહેશે.

પ્રિય સજજનો, આજના પાવન પર્વમાં મારે ભારતનું બંધારણ અને મુસલમાનોના ફાળા વિશે સમજૂતી આપવાની છે.

ભારતનું બંધારણ ૨૯મી જાન્યુઆરી–૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું. ૭૦ વર્ષ પૂરા કરી આપણે ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ભારતના બંધારણના ઘડતરમાં અગત્યનો ફાળો આપનાર ડૉ.ભીમરાવ આંબેડકર હતા. દેશ તેમનો ઋણી છે. પરંતુ ઈ.સ.૧૯૪૬ પહેલાં તેમણે સપનામાં પણ નહીં જોયું હોય કે તેઓ બંધારણ ઘડશે. ઈ.સ.૧૯૪૬માં એ વાત નકકી થઈ કે બંધારણ સભામાં ૩૮૯ સભ્યોની કમિટી બનશે. અને તે અલગ અલગ વિધાન સભાઓમાં ચૂંટાયેલા લોકોના પ્રતિનિધિઓ નકકી કરીને મોકલશે. જાતે ડૉ.ભીમરાવ આંબેડકર મુંબઈ વિધાનસભામાં હારી ગયા. સમગ્ર દેશમાં તેમની પાર્ટી જે શિડયુલ કાસ્ટ ફેડરેશન હતી તેને માત્ર ૨(બે) સીટો મળી હતી. એક બંગાળમાં અને બીજી ચેન્નાઈમાં. મુંબઈ વિધાનસભામાં તેમને એક પણ સીટ ન મળી. એવા સમયે એ શકય ન હતું કે ડૉ.ભીમરાવ આંબેડકર વિધાનસભામાં પહોંચી શકશે. અને બંધારણ ઘડી શકશે. એવા વખતે ડૉ.ભીમરાવ આંબેડકરે અલગ મતદાર મંડળની માંગણી કરી હતી, તેથી કોંગ્રેસ નારાજ થઈ. તે વખતે એમની પાર્ટીનો સભ્ય જોગેન્દ્રનાથ મંડલ બંગાળાથી જીત્યા હતા. જોગેન્દ્રનાથ મંડલે ડૉ.ભીમરાવ આંબેડકર સાહેબને આમંત્રણ આપ્યું કે આપ બંગાળા આવો. ભારતના સંવિધાનમાં પહોંચવા માટે ઓછામાં આછા ૫(પાંચ) ધારાસભ્યોના

મતોની જરૂરત હતી. ડૉ.આંબેડકર બંગાળા પહોંચ્યા. ત્યાંના મુસલમાનોએ તેમના માટે માત્ર એક નહીં બલ્કે ૭(સાત) સીટો ખાલી કરી દીધી. અને તેમને જીતાડયા. અને તેઓ બંધારણ સભામાં પહોંચ્યા. એટલે મુસલમાનોને ગર્વ હોવો જોઈએ.

બીજી વાત ભારતના લોકોને દેશથી પ્રેમ છે. તેના અનેક ઉદાહરણો છે. જો કોઈ ભારત છોડીને ગયું તો તે મજબુરીને કારણે ગયા છે. જયારે દેશ આઝાદ થયો ત્યારે ૫૬૫ દેશી રજવાડાઓ હતા. તેને એકત્ર કરવાના હતા. જુનાગઢના નવાબ પાકિસ્તાન સાથે જોડાવવા માંગતા હતા. તેને જોરશોરથી કહેવામાં આવે છે. પરંતુ, એ વાત બતાવવામાં આવતી નથી કે તેની પ્રજા ભારત સાથે જોડાવવા માંગતી હતી. ત્યાર પછી ૨૦ ફેબ્રુઆરી–૧૯૪૮માં સમગ્ર જુનાગઢમાં વોટીંગ થયું. જુનાગઢની વસ્તી ૨,૦૦,૫૬૯ (બે લાખ પાંચસો ઓગણ સિત્તેર) જેટલી હતી. તેમાંથી ૧,૯૦,૭૭૯એ મતદાન કર્યું. તેમાંથી માત્ર ૩૧ વોટ પાકિસ્તાનની તરફેણમાં પડયા. તે વખતે ત્યાંની મુસ્લીમ વસ્તી ૭૦ ટકા જેટલી હતી. માંગરોલમાં ૪૦ ટકા વસ્તી મુસ્લીમોની હતી. કુલ વસ્તી ૧૨,૯૯૭ હતી. તેમાંથી ૧૧,૮૩૩ મતો પડયા. અને તેમાંથી માત્ર ૦૮ જ વોટ પાકિસ્તાનની તરફેણમાં પડયા.

મુસ્લીમો દેશને વફાદાર છે. તેનું એક ઉદાહરણ પાલનપુરના નવાબ તાલે મુહંમદખાનનું છે. ૫૬૫ રજવાડાઓમાં તેમનું એક રજવાડું હતું. તેઓ ગાંધીજીના ખાસ હતા. ગાંધીજીએ સત્યના પ્રયોગોમાં ઘણી વખતે તેમનું વર્ણન કર્યુ છે. તાલે મુહંમદે સૌપ્રથમ પોતાના રજવાડામાં પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવ્યું હતું. તાલે મુહંમદે અનેક લાયબ્રેરીઓ બનાવી હતી. અને તેમાં સ્ત્રીઓ વાંચવા આવતી ન હતી. તો તેમને માટે અલગ વ્યવસ્થા કરી કે તેમને ઘરે પુસ્તકો પહોંચાડતા હતા. સરદાર વલ્લભભાઈ પટેલે જયારે અખંડ ભારતની વાત મુકી તો સૌપ્રથમ પોતાનું રજવાડું સામેલ કરનાર તાલે મુહંમદખાન હતા. આ ઉપરથી મુસ્લીમોનો દેશપ્રેમ હતો એ સાબિત થાય છે. હાલમાં પણ છે અને હવે પછી પણ રહેશે. ઈન્શા અલ્લાહ.

*–ગાઝી અહમદ હુસૈન. જામિઅહ હાઈસ્કૂલ..*

---

# તલવાર અને દૂધ

હિજરી સન ૩ માં બદર મુકામે થયેલી લડાઈમાં મક્કાના દુશ્મનોને મોટું નુકસાન થયું હતું, એટલે તેઓ એનો બદલો લેવા બેચેન હતા. અંતે પૂરી તૈયારી કરીને હિજરી સન ૩ માં તેઓ મદીના ઉપર આક્રમણ કરવા નીકળ્યા. મદીના શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી કે દુશ્મનનું લશ્કર મદીના નજીક આવી રહયું છે તો મુસલમાનો અને મદીનામાં વસતા અન્ય લોકોથી મશ્વેરો કર્યો. વધુ પડતા લોકોની સલાહ એવી હતી કે મદીનામાં જ રહેવામાં આવે અને કિલ્લેબંધ થઈને એમનો મુકાબલો કરવામાં આવે. અલબત્ત અમુક યુવાન – જોશીલા મુસલમાનો ચાહતા હતા કે ખુલ્લા મેદાનમાં લડાઈ થાય. આ યુવાન સહાબા બદરની લડાઈમાં ભાગ લઈ શકયા ન હતા, એટલે એમના દિલોમાં દીન ખાતર લડવાનો અને જીતવાનો અથવા શહીદ થવાનો શોખ વધારે હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વેળા સહાબાને બતાવ્યું કે મેં એક ખ્વાબ જોયું કે મેં બખ્તર પહેર્યું છે અને એક ગાય ઝબહ કરવામાં આવી રહી છે. આ ખ્વાબનો મતલબ આ છે કે જેમ બખ્તરમાં માણસની હિફાજત રહે છે એ જ પ્રમાણે મદીનામાં રહેવામાં મુસલમાનોની સલામતી છે. એટલે કે મદીના શરીફ મુસલમાનોનું બખ્તર છે. અને ગાય ઝબહ થવાનો મતલબ આ છે કે મારા અમુક સહાબા શહીદ થશે. એટલે મારી સલાહ મદીનામાં રહીને જ શત્રુઓનો મુકાબલો કરવાની છે.

પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, મેં ખ્વાબમાં આ પણ જોયું કે મારા હાથમાં એક તલવાર છે. મેં એને હલાવી તો એનો આગળનો ભાગ તૂટી ગયો. પછી મેં એને ફરીથી હલાવી તો તલવાર સહી સલામત અને પહેલાં કરતાં વધારે સારી તેમજ ઉમદા બની ગઈ. (બુખારી શરીફ)

આ ખ્વાબની તાબીરમાં ઉલમા લખે છે કે 'સહાબા' નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તલવારનું સ્થાન ધરાવે છે અને તલવાર તૂટવાની તાબીર આ છે કે લડાઈમાં મુસમાલનોને નુકસાન થશે અને તલવાર ફરી પાછી સલામત અને ઉમદા થવાનો મતલબ – તાબીર આ છે કે ત્યાર પછી મુસલમાનો પહેલાં કરતાં વધારે સલામત અને શકિતશાળી બની જશે.

સામાન્ય પણે એવું થાય છે કે કોઈ હથિયાર કે ઓજાર એકવાર તૂટી જાય છે તો સુધાર્યા પછી પણ પહેલાં જેવું બનતું નથી. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તલવાર પહેલાં કરતાં પણ વધારે સારી બની ગઈ, એમાં ઈશારો છે કે જો કે આ લડાઈમાં મુસલમાનોને નુકસાન થશે, પણ પછી મુસલમાનો પહેલાં કરતાં વધારે શકિતશાળી બનીને સામે આવશે.

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### સમયસર કરજ ન ચુકવાય તો વધારે રકમની માંગણી કરવી

સવાલ : એક મસ્અલો પેશ આવેલો છે, જેની હકીકત આ છે કે ખાલિદે સાજિદ પાસેથી ૮ લાખ રૂપિયા કર્ઝ પેટે લીધા, સાજિદે ખાલિદને દર્શાવેલ રકમ ઉધાર આપી, રકમ લેતી વખતે પંદર વીસ દિવસ અથવા મહીના બે મહીના પછી પાછા આપવાનું કહયું, હવે કોઈ કારણસર આ રકમ વાયદા પ્રમાણે ખાલિદ સાજિદને આપી શકયો નહીં, તો ખાલિદે સાજિદને કહયું કે મારી પાસે રકમ નથી એટલે વાયદા પ્રમાણે હું તને આપી શકતો નથી મને માફ કરજે, તારે એના બદલામાં મારી કોઈ મિલ્કત જોઈતી હોય તો હું કિંમત કરીને તારી રકમ જેટલી મિલ્કત આપું, સાજિદે ના પાડી, તો ખાલિદે કહયું કે મારી પાસે દુકાનો છે, હું તને આ કિંમતથી આપી દઉ છું, પછી મારી પાસે જયારે રોકડ રકમ આવશે ત્યારે હું નફો આપીને દુકાનો ખરીદી લઈશ, આ બાબતે અમુક દિવસ પછી ના પાડી કે મારે પૈસા જ જોઈએ છે. અને ત્યાર પછી આ મુદ્દલ રકમ સાથે બીજી વધારાની રકમ પણ માંગવાનું ચાલુ કર્યું, ખાલિદે કહયું કે આપણો મામલો ઉધારનો છે એમાં વધારાની રકમ ના અપાય, આ તો વ્યાજ થઈ જાય, એટલે હું તને આપી શકતો નથી, તો સાજિદ કહે છે અહીંયા નહીં આપે તો આખિરતમાં વધારાની રકમ લઈશ, તો શું સાજિદને મુદ્દલ રકમ કરતા વધુ રકમ આપવી કે નહીં ? અને જો નથી આપવાની તો આ વધારાની વ્યાજ પેટે રકમ ન આપવાથી આખિરતમાં પકડ થશે કે નહીં ? શરઈ હલ બતાવશો.

જવાબ: حامدًا و مصليًا ومسلمًا કોઈને કર્ઝ પેટે પૈસા આપી, જેટલા આપ્યા હોય તેનાથી માંગણી સ્વરૂપે વધારે વસૂલ કરવા, તે પણ ઈસ્લામી શરીઅત મુજબ વ્યાજની એક સૂરત છે, રજૂ કરેલ સૂરતમાં સાજિદ ખાલિદ પાસેથી એટલી જ રકમ વસૂલ કરવાનો અધિકાર રાખે છે જેટલી રકમ સાજિદે એને કર્ઝ રૂપે આપી હતી. એનાથી અધિકની માંગણી એ શરઈ દ્રષ્ટિએ વ્યાજની માંગણી છે, વ્યાજને કુર્આન– હદીષમાં હરામ કહેવામાં આવ્યું છે, કુર્આને કરીમમાં આવી વ્યકિત સાથે અલ્લાહ તઆલા તરફથી જંગનું એલાન કરવામાં આવ્યું છે (સૂરએ બકરહ)

જેનાથી વ્યાજ કેટલો ખતરનાક ગુનોહ છે તેની કલ્પના કરવી જ રહી, વ્યાજને જે રીતે લેવું હરામ છે, આપવું પણ હરામ છે (કા.ફિકહ : ૧૧૫)

હદીસ શરીફમાં વ્યાજ ખાનાર અને ખવડાવનાર બંને પર લા'નત મોકલવામાં આવી છે. (મિશ્કાત શરીફ : ૨૪૪)

માટે જેવી રીતે સાજિદ માટે કર્ઝની રકમથી અધિકની માંગણી કરવી હરામ છે, એવી જ રીતે ખાલિદ માટે આ વધારાની રકમ આપવી પણ કુર્આન – હદીસની રૂએ હરામ ઠરશે, જાહેર છે સાજિદ માટે જયારે વધારાની માંગણી કરવી દુરૂસ્ત નથી અને ખાલિદે એને આપવું દુરૂસ્ત નથી, બલકે હરામ છે, તો પછી ખાલિદ કર્ઝની રકમ ચૂકવણી કરી આપે, પછી સાજિદનો કોઈ હક તેના શિરે બાકી રહેતો નથી, જયારે હક બાકી જ નથી રહેતો પછી શા આધારે કિયામતના દિવસે ગરેબાન પકડવાનો હક રાખશે. આ બધી માંગણીઓ, વાતો કુર્આન – હદીસની તાલીમાતના વિરૂધ્ધ હોય, એવી માંણણીઓ અને વાતોથી પોતાને બચાવવામાં આવે.

આ વાત ધ્યાનમાં રહે કે કર્ઝ લેનારને પણ ઈસ્લામનો હુકમ છે કે તે વાયદાનું પાલન કરી, વખત પર કર્ઝ અદા કરી આપે, વિના કારણે અદાયગી અને ચૂકવણીમાં વિલંબ કરવું દુરૂસ્ત નથી, હદીસ શરીફમાં એને 'ઝુલ્મ' કહેવામાં આવ્યું છે, આવી સૂરતમાં ખાલિદને વાયદા ખિલાફી કરવાનો ગુનો પણ લાગુ થશે, માટે ખાલિદની પણ જવાબદારી બનતી હતી કે તે શકિતમાન હોવા છતાં વિલંબ ન કરે.

અહીંયા સાજિદની પેશકશ પર ખાલિદે તેની પ્રોપર્ટી ચૂકવણી પેટે ન લીધી અને જગ્યા મોકાની હતી, તો આવું પણ શકય હતું કે પોતે એનું વેચાણ કરી ચૂકવણી કરી આપતે, હદીસ શરીફમાં એક કિસ્સો આ વિશે વર્ણન કરવામાં આવ્યો છે, એક સહાબી પર લોકોનું કર્ઝ હતું, તેના લેણદારોએ હઝરત રસૂલુલ્લાહ (સલ.)ની પાસે આવી ફરિયાદ કરી, તો આપ (સલ.) એ તે સહાબી (રદિ.) ની બધી મિલકતો વેચી લેણદારનું કર્ઝ ચુકવ્યું, ત્યાં સુધી કે તે સહાબી પાસે આપ (સલ.)ની મજલિસમાંથી પાછા ફરતા સમયે કોઈ ચીઝ બાકી રહી ન હતી. (મિશ્કાત શરીફ : ૨૫૨)

નોંધ : સવાલમાં ઉલ્લેખ છે સાજિદે ખાલિદને કહયું કે મારી આ દુકાનો લઈ લે અને જયારે મારી પાસે પૈસા આવશે ત્યારે નફો આપી દુકાનો પાછી ખરીદી લેશે, આ સોદો શરઈ દ્રષ્ટિએ વ્યાજુ અને ના જાઈઝ છે.

*(અ. ફતાવા : ૬ /૫૨૪) ફકત અલ્લાહ તઆલા વધુ જાણકાર છે.*

*(તા. ૨૪ / જુમાદલ ઉખરા ૧૪૩૩ હીજરી – ૧૬ / ૫ / ૨૦૧૨ ઈસ્વી)*

**બોધકથા :**

એક રાજા ઘણો અભિમાની હતો. હરપળ સેંકડો અને હઝારો લોકો પોતાની આસપાસ સેવા માટે રાખતો અને એમની સામે બડાઈ હાંકતો. લોકોને ડરાવી – ધમકાવીને એમના દિમાગમાં ગુલામી – લાચારી ઠસાવતો. એક દિવસ એને થયું કે પ્રદેશના બધા જ સરદારોને ભેગા કરીને એમને મારી શકિત દેખાડું. બધાને બીવડાવી – ધમકાવીને સણખા રહેવાની તાકીદ કરું. રાજાની જાહેરાત થઈ એટલે બધા આગેવાનો મહેલના ચોગાનમાં આવી પહોંચ્યા. રાજાએ અભિમાન ભર્યા સ્વરે બધાને સંબોધીને કહયું કે હું તમારા બધાનો રાજા અને માલિક છું. તમે બધા મારા ચાકર અને તાબેદાર છો. રાજાની આવી વાતોની વચ્ચે કોઈક બોલ્યું : રાજા જી ! આવું નથી. અહિંયા બધા જ લોકો એકબીજાના મદદગાર અને સેવક છે.

રાજાને આ અપમાનથી ગુસ્સે થઈ ગયો. બોલનારને સામે આવવાનો આદેશ કર્યો તો જોયું કે એક અતિવૃદ્ધ અશકત માણસ ઉભો થયો. નજીક આવીને એણે ફરીવાર પોતાની વાત દોહરાવી તો રાજાને ઓર વધારે ગુસ્સો આવ્યો. પણ વૃદ્ધે પોતાની માંગ રજૂ કરી કે અમારા ગામમાં પીવાના પાણીનો કુવો ખોદાવી આપો. અમને પાણીની ઘણી તકલીફ છે. રાજાએ કહયું કે, એક તરફ તો તું મારી પાસે ભીખ માંગવા આવ્યો છે, અને ઉપરથી મારું અપમાન કરે છે ? વૃદ્ધે કહયું કે, સાહેબ આ જ કુદરતનો નિયમ છે. બધાએ એકબીજાની મદદ કરવાની છે અને બધા જ બીજાની મદદના મોહતાજ છે. હું થોડીવારમાં આ પુરવાર કરી આપીશ. પણ મારી શરત છે કે હું સાચો ઠરું તો ગામમાં કુવો ખોદાવી આપવો પડશે. રાજાએ શરત માની લીધી અને કહયું કે એક નહીં, ત્રણ કુવા ખોદાવી આપીશ. પણ તું ખોટો પડયો તો મારી આ તલવાર અને તારું માથું...

વૃદ્ધે કહયું કે કબુલ છે. પણ ..અમારા ગામમાં રિવાજ છે કે શરત લગાવીને સામે વાળાના પગ પકડીને શરત પાકી કરવામાં આવે. તમે મારી આ લાઠી પકડો તો હું તમારા પગ પકડી શકું. રાજાએ લાકડી પકડી, વૃદ્ધે રાજાના પગ પકડયા અને લાકડી પાછી આપવા કહયું તો રાજાએ લાકડી પાછી આપી દીધી. વૃદ્ધે હવે કહયું કે તમે જોયું ? લાકડી પકડવામાં અને પાછી આપવામાં તમે મારી વાત પણ માની અને મારી મદદ પણ કરી !

તમે રાજા ભલે હોવ ! પણ તમારી મહાનતા અને પગચંપી માટે તમને પણ અમારી મદદની જરૂરત છે. અમે ગરીબ છીએ તો કુવો ખોદવા માટે તમારી મદદના મોહતાજ છીએ. કહાનીનો આ જ સાર છે કે વેપારી ગ્રાહકનો, રાજા રચ્યતનો મોહતાજ હોય છે. માલદારને એની સખાવત માટે પણ ગરીબની જરૂરત પડે છે. અને બધા જ માલદાર હોય ત્યાં માલદારીની કોઈ મોટાઈ નથી રહેતી.

હદીસ શરીફમાં છે કે કયામત પહેલાં લોકોમાં એટલો બધો માલ આવી જશે કે ઝકાત આપવા માટે કોઈ ગરીબ શોધ્યો પણ નહીં જડે. અને માલદાર ત્યારે આ ઈબાદત અને ફરજ પૂરી કરવા માટે ગરીબને શોધવાનો મોહતાજ બની જશે.

# Muslims and India's Freedom Struggle

India, from ancient times is famous for its civilization, rituals and natural recourses. It existed even in the immemorial times. According to many prophetic traditions, the Prophet Adam (peace be upon him), the first man on earth, landed in India. Interestingly Adam, the first prophet of Allah to the people, was the first man to stay at the soil of India. It is known to all that Muslims believe in all the prophets sent down by Allah on this earth. It is also known that all the prophets of Allah came with one religion that is Islam. So in this way, Muslims are the true successor of this land.

After the seventh century AD, the atlas of the world changed. As two great world empires i.e. Persia and Rome collapsed. India also could not guard itself from the effect of the international revolution that was brought about by Islam. In 711 AD, Muhammad Qasim entered India and cut off Sind. Later, it was the turn of Sultan Mahmood Gaznavi (reign 998-1030) who conquered a good part of western and northern India. Soon after him came Sultan Shihabuddin Gauri in 1206 who laid the foundation stone of Delhi Sultanate (1206-1526). Finally came Babar whose Mughal empire lasted for centuries (from 1526 to 1857).

The Mughal Empire with its all glory after the period of Aurangzeb Aalamgir (1618-1707) started

declining. The undeserving successors of throne could not protect the inherited government from declining. Europe those days was passing by boundless scientific and economical progress while the Muslim empires like Ottoman Caliphate in Turkey and Mughal Empire in India could not sense the importance of scientific developments that were taking place in Europe. The onslaught of Europe on India started by the Portuguese pirates and colonialists in seventeenth century, but it was heightened when the English disguised as traders established bases with an eye on India' wealth and land. Later the East India Company began taking the country into its grip and finally it put an end to the 7-century old Muslim rule.

First, East India Company established its base in Surat where it got permission to operate business in the period of Jahangir in 1612. The company got marvelous success and occupied all three important ports of Bombay, Calcutta and Surat. Shah Waliullah Muhaddis Dehlawi (1703-1762) was the first person who apprehended the danger and was disappointed of the Muslim government to stand to an action. So he chalked out a plan of complete revolution. Shah Waliullah's various books reflect this thought and propound a complete framework. Shah Waliullah is the frontrunner of this field. Later, his sons and pupils forwarded his mission.

Meanwhile, the company began to expand its area. It resulted at a fierce fight between the company and Sirajuddaula in Palasi (Bengal) in 1757. Sirajuddaula was defeated and the door was open for Britain to occupy Bengal. Afterwards, Haidar Ali and

his son Tipu Sultan stood up to stop English steps in Deccan (Southern India). But this campaign suffered a major setback due to internal treachery and Tipu was martyred fighting in Srangapattam in 1799. The English general Nell climbed up his dead body and shouted: “From today India is ours”. Finally, one day in 1803 the Mughal king in Delhi was forcibly asked to sign a paper that read, “The people for Allah, the country for King his majesty and the order for the Company”.

Meanwhile, Shah Abdul Aziz (1746-1823) who was realizing the situation very carefully issued a fatwa saying that India has become a Darul Harb (non-Muslim country); Muslims must wage war against the British.

After 1803, there was no real threat to the English. The ground was not prepared to start any revolutionary movement. So, Syed Ahmad Shaheed, a disciple of Shah Abdul Aziz, with his some companions migrated to Qandahar in Afghanistan in search of a land from where he can run a movement and prepare a team for the revolution. There, he established an Islamic government and confronted with Sikhs who were a big obstacle in the way of their movement. Unfortunately, the greatest militant movement of this subcontinent suffered sedition of Afghans and finally collapsed. The remaining people, especially the Ulama-e-Sadiqpur, continued their mission inside India.

The sparks of hate and anger against the English burst again in 1857. This time it was not a mutiny of a group but mass revolt against the English throughout

the country. In Shamli people revolted in the leadership of Haji Imdadullah while they were fighting in Lucknow and Faizabad under the command of Begum Nawab and Maulana Ahmadullah. Meerut and Delhi were the centers where Indian army men were with Sultan Bahadur Shah Zafar. The revolt continued for months, but the Indians were defeated in the long run.

It is noteworthy that the caravan of freedom was led purely by Muslims till 1857. Since the power was snatched from Muslims so they were naturally the first enemies of the alien government. According to historians, 27,000 Muslims were only hanged to death. Not to speak of the 7-day-long massacre. Even the children were not spared. The atrocities that were perpetrated on women are beyond imagination. Shah Zafar was exiled to Rangoon and his descendents were finished off.

After the failure of 1857 revolution, the Muslim leaders changed their strategy. They started setting up educational institutions across the country to combat the government's disastrous policies. On the foremost of them was Maulana Muhammad Qasim Nanautavi and his colleagues who established Darul Uloom Deoband to produce a team of Ulama who can fight eyeball to eyeball with British government. The first student of Darul Uloom Deoband, Maulana Mahmood Hasan known as Shaikhul Hind, with his people drew a plan known as "Reshmi Rumal Movement" (Silken Letters Movements). Hazrat Shaikhul Hind had a secret agreement with Ottoman Caliphate of Turkey to attack on British bases in India

and prepare ground for revolt. But this plan also was sabotaged by some Muslims. Consequently, he with his colleagues was arrested and sent to Malta Island where they spent 3 years and later released when no guilt was proved.

As the 1st World War erupted the Indian subcontinent was resounding with the slogans of Khilafat Movement. Until this point of time, no prominent Hindu leader was in the field. Due to the World War, the global scenario changed and India Hindus got up from their long slumber. Shaikhul Hind in his way back to India from Malta was supposed to get down in Bombay. Gandhi Ji was amongst those who came to receive him. After that in a meeting Shaikhul Hind, Maulana Muhammad Ali Jauhar, Mukhtar Ansari and other Muslim leaders elected Gandhi Ji as the leader. Since Hindus were in majority, so it was necessary to win the local and international support by putting Hindu leaders forward.

Around 1919 Jamiatul Ulama came into being to provide Muslims a platform to fight against the English. It is worth mentioning that it was Jamiat, which taught the Congress to follow the path to freedom. Otherwise, it was not founded with sole purpose of independence. The Jamiat leaders worked closely with the Congress and inspired it to adopt non-cooperation, complete freedom and other programme.

Maulana Abul Kalam Azad, the genius scholar and prolific water of the Indian subcontinent, was the hero of India’s independence. Through his writings and particularly historic newspapers al-Hilal and

al-Balagh he heated up the continent with warm slogans of freedom that made the colonialists restless. He headed the Congress especially in the most crucial times of independence history during the II World War and afterwards. It was the continuous pressure and wise policy of the Congress under his leadership that materialized the dream of freedom in shorter period.

These are some brief extracts from the history of freedom. Otherwise, the sacrifices that Muslims have offered to free India from the clutches of the English cannot be described in a short article. If we take only the names of the Muslim fighters it will take hours to finish. The most important thing is that Muslims were pioneer in freedom fighting and only they carried it on till 1900. The Hindu leaders appeared long after them and Muslims went parallel with them till the country was free. Muslims had always held high the torch of patriotism and freedom fighting.

Today, it is tragic enough that Muslims are blamed that they are traitors. Muslim fighters instead of being paid homage their names are removed from textbooks and history. While, many in Hindu community think that Muslims have got their share in the form of Pakistan, but they forget that still India has more Muslims than Pakistan or any other country in the world except Indonesia.

The purpose to mention these sacrifices is to remind today's Muslims of our brave past. Since, it is said that a nation which fails to treasure its history is lost in the darkness of ages. It has nothing that inspires it to face any threat with courage and determination. ..................

### દુઆ અને ગુનો

જે માણસને એમ વિચાર આવે કે મારી દુઆ તુરંત કેમ કબૂલ નથી થતી, એણે વિચારવું જોઈએ કે મને ગુનાહોની સજા પણ તુરંત નથી મળતી.

### લાયકાતનો આધાર

માણસે યાદ રાખવું કે કપડાં, હોદ્દા કે માલના આધારે લાયકાત નથી આવતી. જેમ ઊંચા મીનારે ચડી જવાથી વાંદરો માણસ નથી બની જતો. અને કાબેલ માણસનો હોદ્દો મળે એને જ સારું સમજો, અને હોદ્દાની ઈચ્છા હોય કે કોઈ રીતે મળી જાય તો લાયકાત મેળવવાના પૂરા પ્રયત્નો કરો.

### ગેબી મદદ

માણસ એમ ચાહતો હોય કે અલ્લાહ તઆલા ગેબી રીતે મારી મદદ કરે તો એણે પણ બીજાઓની ગેબી રીતે મદદ કરવી જોઈએ.

### અનુભવો

અનુભવી લોકોના અમુક મહત્વના અનુભવો : માં – બાપથી વધીને કોઈ બીજું વફાદાર નથી હોતું. સમાજમાં ઈઝ્ઝત ફકત પૈસાની હોય છે, માણસની નહીં. ગરીબનો કોઈ કાયમી દોસ્ત નથી બનતો. માણસો સારા ચરિત્રના બદલે ચહેરાને પ્રાથમિકતા આપે છે. સારા કદરદાન લોકો પણ માણસ પોતાના ક્ષેત્રમાં બીજાને ઉતરતો જોવા ચાહે છે.

### નિખાલસતા કુરબાની માંગે છે.

માણસ જેના પ્રતિ દિલથી નિખાલસ હોય છે એ જ એને દુખ આપે છે, એવું લોકો કહે છે, પણ સાચું આ છે કે દુખ તો બધા જ આપે છે, પણ નિખાલસતા દુખની તીવ્રતા વધારી દે છે. માટે પ્રેમ – હમદર્દી સાથે સહનશીલતા વધારો અને નિખાલસતાને ઉપકાર ન સમજો, પોતાની ફરજ સમજીશું તો દુખની તીવ્રતા ઓછી થઈ જશે.

### માણસની ગરીબાઈ

ખજૂરના ઠળીયા ઉપર એક ઘણું જ પાતળું પડ હોય છે, અરબીમાં એને કીતમીર કહે છે. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે પોતાને માલદાર સમજતા માણસો આ કીતમીર જેટલા પણ સાચા માલિક નથી.

### સત્યનો અવાજ

માણસ સાચો હોય તો એણે બુમો પાડવાની બોલવાની જરૂરત નથી, અને ખોટો છે તો બુમો પાડવાનો એને કોઈ ફાયદો નથી.

### સદા ખુલ્લો રસ્તો

જયારે બધા જ રસ્તા બંધ દેખાય તો અલ્લાહ તઆલાના રસ્તે ચાલી પડો. એ કદી બંધ નથી હોતો.

### અનુભવ અને આંધળું અનુકરણ

માણસે જેમ પોતાના અનુભવથી શીખે છે એમ બીજાના અનુભવથી પણ શીખવું જોઈએ. એટલે જ પોતાના અનભવો અન્યો સાથે વહેંચવા જોઈએ. અલબત્ત આંધળું અનુકરણ ન હોવું જોઈએ.